નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :25 FEBRUARY 2025 I TUESDAY I Page :8 I Year : 2 I Issue :276 I Price: 2/-




મવડીમાં રૂ.૧૭ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

જુઓ પેજ નં.૪

# કાળઝાળ ગરમીમાં શેકાવા તૈયાર થઈ જાઓ

## રાજકોટમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર



અમદાવાદઃ ફેબ્રુઆરી મહિનામાં જ કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમી અને બફારા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૨૬ ફેબ્રુઆરીએ સોમનાથ તથા જૂનાગઢમાં યોજાનારા ભવ્ય મેળામાં લોકોએ ગરમીમાં શેકાવું પડશે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર નોંધાયો હતો.

ફેબ્રુઆરી મહિનામાં ગુજરાતવાસીઓને એપ્રિલ જેવી કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હજુ પણ આગામી સાત દિવસ વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમી અને બફારા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, ગુજરાત રાજ્ય પર હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે. આ પવનો શુષ્ક રહેવાને કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે. બીજી તરફ અરબ સાગરના ભેજને કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં બફારાનો અનુભવ થશે. આગામી ૨૪ કલાક ગુજરાતનું મહત્તમ તાપમાન યથાવત રહેશે ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. લઘુતમ તાપમાન આગામી ત્રણ દિવસ દરમિયાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે, એટલે કે ગુજરાતમાં હવે શિયાળાની અસર વર્તાય એની શક્યતા જણાતી નથી છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૮.૫ ડિગ્રી હતું, પરંતુ આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસના વધારાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

### ફેબ્રુઆરી માસમાં કાળઝાળ ગરમીનો અનુભવ

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ગત સપ્તાહની સરખામણી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે, હજુ પણ અમદાવાદ અને આસપાસના વિસ્તારનું લઘુતમ તાપમાન સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધુ નોંધાઈ રહ્યું છે. ગત વર્ષોની સરખામણીએ અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન આ સમય દરમિયાન ૧૫થી ૧૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હોય છે, પરંતુ આ વર્ષે ફેબ્રુઆરી માસમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

## દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ગરમી અને બફારા સાથે યલો એલર્ટ

### આર્થિક મોરચા પર વધુ ધ્યાન આપવા સરકારનો નિર્ણય

# ખાદ્ય સહિતની ચીજોના ભાવ ન વધે તે જોવા ખાસ મોનેટરીંગ

**કેન્દ્રીય મંત્રી જૂથની સમિતીમાં ઘટેલા ફુગાવાથી રાહત જળવાઈ રહે તેને પ્રાથમિકતા અપાશેઃ આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારોઃ મોંઘવારી ધોઈ ન નાખે તે જોવા પણ પ્રયાસ થશે**

રાજકોટઃ દેશમાં બજેટ રજુ થયા બાદ આર્થિક મોરચે ફીલગુડનો માહોલ બનાવવાની કોશીશ થઈ રહી છે અને ખાસ કરીને હવે રવિપાકની સીઝન પણ પુરી થઈ છે તથા આ સમયે ફુગાવો પણ નીકળે છે તે માટે હોળી સહિતના તહેવારો તથા રમઝાન માસ પણ શરૂ થઈ રહ્યો હોવાથી સરકાર ખાદ્ય સહિતની માંગ વધે તે સમયે ભાવવધારો થાય નહી તે જોવા ખાસ મોનેટરીંગ કરશે.

એક તરફ ટ્રમ્પનો ટેરીફ નાખે તો કેટલીક આયાત મોંઘી થવાનો ભય છે. તેલીબીયા ઉત્પાદન પણ અપેક્ષા મુજબ થયુ નથી તેથી ખાદ્ય તેમાં મોંઘા થવાની ધારણા છે તે સમયે સરકાર હવે મોંઘવારી પર મુખ્ય ફોકસ કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ અર્થતંત્રમાં બધુ ઓકે છે તે નિશ્ચિત કરવા માટે ફુગાવો કાબુમાં રહે તે જરૂરી છે. ઉપરાંત સરકારે આવકવેરા સહિતની જે છુટછાટો આપી છે તેનો લાભ લોકો પોતાનો ખર્ચ વધારવામાં કરે તે જરૂરી છે અને જો ભાવવધારો થાય તો બજેટમાં જે મોટી આવકવેરા છુટછાટ અપાઈ છે તેની અસર ધારી થાય નહી તે ચિંતા પણ સરકારને છે અને આવકવેરામાં મુક્તિનો આ ડોઝ ખૂબજ મહત્વનો છે.₹સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે ટ્રમ્પ નીતિ આગળ વધી રહી છે તેમાં ટેરીફ વોરથી વિશ્વની સપ્લાય ચેઈન ખોરવાય જવાનો પણ ડર છે જેની અસર ભાવસપાટી પર પડી શકે છે. હાલમાં જ મોટી સરકારની મંત્રીજૂથની કમીટીની બેઠક મળી હતી જેમાં ભાવસપાટીની સમીક્ષા કરવામાં આવી હતી. તથા ફુગાવાને ડામવાની સાથે ખેડુતોને પણ તેના ઉત્પાદનમાં પુરતા ભાવ મળી રહે તે જોવા પણ ખાસ તાકીદ થઈ છે તેમાં ઘઉંનો પાક નવી રેકોર્ડ સપાટીએ પહોંચશે અને તેની બજારમાં તેની હકારાત્મક અસર થશે અને અનેક ખાદ્ય ચીજોના ભાવ ઘટશે તેમ સરકાર માને છે છતાં ખાદ્યતેલ અને દાવ સરકાર માટે ચિંતા છે.



તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ઝેલેન્સ્કીને પતાવી દેવાની ધમકી



યુક્રેનની ખનિજો પર કબજાની ખોરી દાનત ધરાવતા ટ્રમ્પે ઝેલેન્સ્કી પર દબાણ લાવવા પોતાના ખાસ દૂત કેઈથ કેલોગેને યુક્રેન મોકલ્યા તો ઝેલેન્સ્કીએ કેલોગની ઐસી કી તૈસી કરી નાંખી છે. ટ્રમ્પે ઝેલેન્સ્કીને સરમુખત્યાર ગણાવીને યુધ્ધ માટે જવાબદાર ગણાવ્યા તો ઝેલેન્સ્કીએ પણ સામી ચોપડાવી કે, ટ્રમ્પ રશિયા દ્વારા ઉભા કરાયેલા ખોટી માહિતીના બબલમાં જીવી રહ્યા છે. કેલોગે ઝેલેન્સ્કીને નરમ પડવા કહ્યું પણ ઝેલેન્સ્કી કોઈનું સાંભળવા તૈયાર નથી. અમેરિકાએ મસ્કની સ્ટારલિંક કંપની દ્વારા યુક્રેનને અપાતી ઈન્ટરનેટ સેવાઓ કાપી નાંખવાની ધમકી આપી પણ ઝેલેન્સ્કી એક, બે ને સાડા ત્રણ કરીને ઉભા રહી ગયા એટલે અમેરિકાએ છેલ્લા પાટલે બેસીને ઝેલેન્સ્કીને પતાવી દેવાની ધમકી આપવી પડી છે. અમેરિકન પત્રકાર ગોન્ઝાલો લિરાના મોતનો મામલો ઉખેળ્યો છે. યુક્રેન-રશિયા યુદ્ધ ખતમ કરાવવા માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મમતે ચડયા છે તેથી રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના પગોમાં આળોટી ગયા છે. પુતિન કહે એ બધી શરતો માનવા ટ્રમ્પ તૈયાર છે. ટ્રમ્પનો ડોળો યુક્રેનની દુર્લભ જમીની ખનિજો (રેર અર્થ મિનરલ્સ) પર પણ છે. યુક્રેનમાં શાંતિ સ્થપાય તો તેના પર અમેરિકા કબજો કરી શકે તેથી ટ્રમ્પ કોઈ પણ ભોગે રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરાવવા માગે છે પણ પણ તેમાં યુક્રેનનો ઘડો લાડવો થઈ જશે તેથી યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કી અમેરિકાના ઈશારે વર્તવા તૈયાર નથી. ઝેલેન્સ્કીને ઘૂંટણિયે પાડવા ટ્રમ્પે સામ-દામ, દંડ, ભેદ બધું અજમાવી જોયું પણ ઝેલેન્સ્કી દેશભક્ત છે તેથી યુક્રેનનાં હિતોને બાજુ પર મૂકીને વર્તવા તૈયાર નથી. આ નાફરમાનીથી અકળાયેલા ટ્રમ્પ ઝેલેન્સ્કીને ઘરભેગો જ નહીં પણ જેલભેગો કરીને યુક્રેનમાં પોતાની પપેટ સરકાર બેસાડવાની ફિરાકમાં છે. ટ્રમ્પની કઠપૂતળી જેવા એલન મસ્કે તેનો સંકેત આપતાં યુક્રેનમાં અમેરિકન પત્રકાર ગોન્ઝાલો લિરાની ઝેલેન્સ્કીએ હત્યા કરાવી હોવાનો આક્ષેપ કરી નાંખ્યો છે. મસ્કે ટ્વિટ કર્યું છે કે, 'ચૂંટણી વિના સત્તા ભોગવતા સરમુખત્યાર' ઝેલેન્સ્કીએ એક અમેરિકન પત્રકારની હત્યા કરી છે. મસ્કે ચેતવણી પણ આપી છે કે, ઝેલેન્સ્કી ઝડપથી નિર્ણય નહીં લે તો તેની પાસે રહેવા દેશ જ નહીં બચે. રાજકીય વિશ્લેષકોના મતે, મસ્કે ટ્રમ્પના ઈશારે ઝેલેન્સ્કીને ધમકી જ આપી દીધી છે કે, રશિયા સાથેનું યુધ્ધ સમાપ્ત કરવા અને અમેરિકાને રેર અર્થ મિનરલ્સ આપવાનો નિર્ણય ઝેલેન્સ્કી નહીં લે તો તેણે દેશ છોડીને ભાગવું પડશે અથવા લિરાની હત્યા બદલ અમેરિકાની જેલમાં નાંખી દેવાશે. લિરા વરસ પહેલાં ગુજરી ગયેલો પણ અમેરિકાને તેની પડી નહોતી, હવે મસ્કને અચાનક લિરા યાદ આવી ગયો કેમ કે ઝેલેન્સ્કી ગાંઠતા નથી.

ઝેલેન્સ્કી મરદનું ફાડિયું છે ને કોઈનાથી ડરતો નથી. રશિયાએ આક્રમણ કર્યું ત્યારે સૌને લાગતું હતું કે, ઝેલેન્સ્કી બે મહિનામાં તો પુતિનના પગ પકડી લેશે પણ ઝેલેન્સ્કીએ પુતિનને ફીણ પડાવી દીધું છે. ટ્રમ્પે ઝેલેન્સ્કીને યુદ્ધ સમાપ્ત કરવા ને રેર અર્થ મિનરલ્સ આપવા કહ્યું ત્યારે પણ સૌને લાગેલું કે, હવે ઝેલેન્સ્કીના કિલોમીટર પતી ગયા પણ ઝેલેન્સ્કી ટ્રમ્પને પણ ઘોળીને પી ગયા છે.

ટ્રમ્પે ઝેલેન્સ્કી પર દબાણ લાવવા પોતાના ખાસ દૂત કેઈથ કેલોગેને યુક્રેન મોકલ્યા તો ઝેલેન્સ્કીએ કેલોગની પણ ઐસી કી તૈસી કરી નાંખી છે. ટ્રમ્પે ઝેલેન્સ્કીને સરમુખત્યાર ગણાવીને યુધ્ધ માટે જવાબદાર ગણાવ્યા તો ટ્રમ્પે પણ સામી ચોપડાવી કે, ટ્રમ્પ રશિયા દ્વારા ઉભા કરાયેલા ખોટી માહિતીના બબલમાં જીવી રહ્યા છે. કેલોગે ઝેલેન્સ્કીને નરમ પડવા કહ્યું પણ ઝેલેન્સ્કી કોઈનું સાંભળવા તૈયાર નથી. અમેરિકાએ મસ્કની સ્ટારલિંગ કંપની દ્વારા યુક્રેનને અપાતી ઈન્ટરનેટ સેવાઓ કાપી નાંખવાની ધમકી આપી પણ ઝેલેન્સ્કી એક, બે ને સાડા ત્રણ કરીને ઉભા રહી ગયા એટલે અમેરિકાએ છેલ્લા પાટલે બેસીને ઝેલેન્સ્કીને પતાવી દેવાની ધમકી આપવી પડી છે.

# અમેરિકાથી ડીપોર્ટ કરાયેલા ભારતીયોના કેસમાં પહેલી કાર્યવાહી, ૪૦ ટ્રાવેલ એજન્ટના લાઈસન્સ રદ



અમૃતસર,તા.૨૪

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા અને ભારત પહોંચેલા ભારતીય નાગરિકોના કિસ્સામાં પંજાબ સરકાર સતત કાર્યવાહી કરી રહી છે. અમૃતસર પ્રશાસને આ મામલે ૪૦ ટ્રાવેલ એજન્ટો સામે કાર્યવાહી કરવામાં આવી છે અને તેમના લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે. અમેરિકાથી પનામા મોકલવામાં આવેલા ૧૨ ભારતીય નાગરિકોને લઈને એક ફ્લાઈટ રવિવારે સાંજે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચી.

પનામાથી પરત લાવવામાં આવેલા ભારતીયોનો આ પહેલો જથ્થો હતો. અગાઉ, અમેરિકાએ ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા લગભગ ૩૩૨ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કર્યા હતા.

તાજેતરમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ પનામાની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ પનામાના રાષ્ટ્રપતિને મળ્યા હતા. બંને સંમત થયા કે પનામા દેશનિકાલ કરાયેલા દેશો વચ્ચે સેતુ તરીકે કામ કરશે અને અમેરિકા દેશનિકાલ કરાયેલા લોકોને તેમના દેશમાં મોકલવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે.

# ગેસ, કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ સહિત ૮૪ દવાઓના નમૂના પરીક્ષણમાં ફેઈલ

દેશભરમાં ડ્રગ્સ નિયંત્રણ અધિકારીઓએ ડ્રગ્સ પરીક્ષણ હાથ ધર્યું હતું અને તેમાં ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે. સામાન્ય રીતે સૂચવવામાં આવતી સ્ટેરોઈડ્સ અને કોલેસ્ટ્રોલ ઘટાડતી દવાઓ સહિત લગભગ ૮૪ દવાઓની ગુણવત્તા પણ ધોરણસરની ન હતી.નવી દવાઓ અને દવાઓનું પરીક્ષણ કરતી એજન્સી ઈઉજ્ઈઘ એ આ સંદર્ભમાં ચેતવણી જારી કરી છે. દર મહિને, ઈઉજ્ઈઘ બજારમાં વેચાતી બિન-માનક ગુણવત્તાવાળી દવાઓ અંગે ચેતવણીઓ જારી કરે છે. ડિસેમ્બર ૨૦૨૪ ના તેમના ડેટા અનુસાર, તેમને વિવિધ કંપનીઓ દ્વારા ઉત્પાદિત દવાઓના ૮૪ બેચ બિન-માનક ગુણવત્તાના મળ્યા. આમાં એસિડિટી, ઉચ્ચ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ અને બેક્ટેરિયલ ચેપ જેવી સામાન્ય સ્થિતિઓ માટે સૂચવવામાં આવતી કેટલીક દવાઓનો સમાવેશ થાય છે.

# બાંગ્લાદેશે એ નક્કી કરવાનું છે કે તે ભારત સાથે કેવા સંબંધો ઈચ્છે છેઃ વિદેશ મંત્રીની ફટકાર

## હિન્દુઓ પર થઈ રહેલી હિંસા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં વધતો જતો તનાવ

નવીદિલ્હી તા.૨૪

શેખ હસીનાના દેશ છોડવા અને મોહમ્મદ યુનુસની સત્તામાં આવ્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધો તનાવભર્યા છે. હિન્દુઓની વિરૂધ્ધ થઈ રહેલી હિંસા પર ભારત ખૂબ જ સખત છે, જયારે બાંગ્લાદેશની વચગાળાની સરકાર ભારત સાથે સંબંધ બગાડવામાં કોઈ કસર નથી રાખી.




હાલમાં જ ઓમાનમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે બાંગ્લાદેશના વિદેશ મામલાના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસેન સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતના એક હપ્તા બાદ વિદેશમંત્રી એસ. જયશંકરે બાંગ્લાદેશને સંભળાવી દીધુ છે કે હવે બાંગ્લાદેશે નકકી કરવાનું છે કે ભારત સાથે કેવી સંબંધો રાખવા માંગે છે. તેમણે કહ્યું હતું કે બાંગ્લાદેશ સાથે અમારો સંબંધ ૧૯૭૧થી ચાલતો આવ્યો છે. બાંગ્લાદેશ એમ ન કહી શકે કે તે ભારત સાથે સારા સંબંધો ઈચ્છે છે, જયારે બીજી બાજુ ત્યાં પર થતી ઘટનાઓનો દોષ ભારત પર નાખે છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર હુમલાની ઘટનાની હતી. શેખ હસીનાના દેશ છોડવા અને મોહમ્મદ યુનુસની સત્તામાં આવ્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધો તનાવભર્યા છે. હિન્દુઓની વિરૂધ્ધ થઈ રહેલી હિંસા પર ભારત ખૂબ જ સખત છે,

જયારે બાંગ્લાદેશની વચગાળાની સરકાર ભારત સાથે સંબંધ બગાડવામાં કોઈ કસર નથી રાખી.

# ૨૬મીએ મહાકુંભનું સમાપન : વધતો જતો શ્રધ્ધાળુઓનો પ્રવાહ

## મહાશિવરાત્રીએ મહાકુંભમાં અંતિમ સ્નાન પર્વ હોઈ ભીડને નિયંત્રણમાં રાખવા સરકાર – વહિવટી તંત્રે તાકાત વધારી : ડોકટરોની રજાઓ રદ્દ કરી : પોલીસ કર્મચારીઓની ડયુટી વધારાઈ



પ્રયાગરાજ,તા.૨૪

મહાકુંભનું અંતિમ સ્નાન પર્વ ૨૬ મી ફેબ્રૂઆરીએ મહા શિવરાત્રીએ છે. આ સ્નાન પર્વમાં સામેલ થવા માટે શ્રધ્ધાળુઓ બે દિવસ પહેલાં જ પ્રયાગરાજ પહોંચવા લાગ્યા છે. હોટેલ-ટેન્ટ સિટી બધુ ફૂલ છે.

મહાકુંભમાં અત્યાર સુધીમાં ૬૨ કરોડ લોકો પવિત્ર સંગમમા ડુબકી લગાવી ચુકયા છે. આ આંકડો વધતો જ રહ્યો છે.ગત એક સપ્તાહમાં દરરોજ સરેરાશ એક કરોડથી વધુ લોકો સંગમમાં ડૂબકી લગાવી રહ્યા છે.

મહાકુંભમાં શ્રધ્ધાળુઓની પહોંચી રહેલી ભીડને જોતા સરકાર અને મેળા પ્રશાસન પણ અંતિમ સ્નાન પર્વ માટે કમર કસી રહ્યુ છે. જે રીતે શ્રધ્ધાળુઓને માનવ મહેરામણ સંગમનગર પહોંચી એથી અનુમાન લગાવાઈ રહ્યું છે કે ૨૬ ફેબ્રુઆરી પછી પણ શ્રધ્ધાળૂઓનો પ્રવાહ નહિં રોકાય.

આ સ્થિતિમાં પોલીસ કર્મીઓ અને અન્ય આવશ્યક સેવામાં લાગેલા કર્મચારીઓની ડયુટી વધારી શકાય છે. અંતિમ સ્નાન પર્વને લઈને હોસ્પીટલમાં પણ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. ક્ષેત્રની સૌથી મોટી સ્વરૂપરાની નહેરૂ હોસ્પીટલમાં ઈમરજન્સી સેવાઓ વધુ બહેતર બનાવવામાં આવી છે. મહા શિવરાત્રી સુધી સ્પેશ્યલ ડોકટરોની રજા રદ કરી દેવામાં આવી છે.૩૦ સિનીયર ડોકટરોની ડયુટી લગાવાઈ છે. ૧૮૦ રેસીડેન્ટ ડોકર ૨૪ કલાક સેવામાં રહેશે. ૫૦૦ થી વધુ નર્સીંગ અને પેરા મેડીકલ સ્ટાફ પણ તૈનાત રહેશે.

પેથોલોજી સેવાઓ પણ પુરો સમય ઉપલબ્ધ રહેશે. જેના માટે ટ્રોમા સેન્ટર અને પીએમએસએસવાથી કલેકશન સેન્ટર પ્રવાહ કરાયા છે. ૨૦૦ યુનિટથી વધૂ બ્લડ બેન્કમાં સુરક્ષિત રખાયુ છે.

હોટેલ અને ટેન્ટ સિટી ફુલ

પ્રયાગરાજમાં હોટેલો અને ટેન્ટ સિટીમાં ૨૭ ફેબ્રુઆરી સુધીનો રૂમની સ્થિતિ છે. મોટી સંખ્યામાં લોકો હોટેલ અને ટેન્ટ સિટીમાં રહેવા પહોંચી રહ્યા છે પણ અગાઉથી જ ફૂલ હોવાના કારણે તેમને અન્ય સ્થલો શોધવા પડી રહ્યા છે. મહાકુંભ અધિકૃત રીતે ૨૬ ફેબ્રુઆરીએ જ પુરો થઈ જશે પણ શ્રધ્ધાળુઓનાં આવવાનો ક્રમ હજુ ચાલુ રહેવાની આશા છે. તીર્થયાત્રીઓ શ્રધ્ધાળુઓને ઓનલાઈન સુવિધા આપતી એક કંપનીનાં અધિકારીએ જણાવ્યું હતું કે હાલ અમારી પાસે ૧૦ માર્ચ સુધીનું બુકીંગ આવી રહ્યું છે. લોકો ૨૬ ફેબ્રુઆરી બાદ ભીડ ઓછી થયા બાદ આવવા માંગે છે.

# દિલ્હી વિધાનસભામાં વિપક્ષી નેતા તરીકે આતિશીના નામ પર મહોર લાગી

નવી દિલ્હી તા.૨૪

આમ આદમી પાર્ટીને કાલકાજી સીટ પરના ધારાસભ્ય આતિશીને દિલ્હી વિધાનસભા માટે વિપક્ષ નેતા પર મંજુરીની મહોર લગાઈ હતી. ધારાસભ્ય દળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલ અને પાર્ટીના ૨૨ ધારાસભ્યો મિટીંગમાં હાજર હતા. બીજી બાજુ દિલ્હી વિધાનસભાનું પહેલું સત્ર આજથી શરૂ થવા જઈ રહ્યું છે. ત્રણ દિવસીય સત્રમાં સતારૂઢ ભાજપ સરકારે કહ્યું છે કે ગત આપ સરકારના પ્રદર્શન સામે પેન્ડીંગ કેગ રિપોર્ટ સદનમાં રજૂ કરવામાં આવશે. વિપક્ષી નેતા બન્યા બાદ આતિશીએ જણાવ્યું હતું કે જનતાએ આપણને વિપક્ષનું કર્તવ્ય આપ્યું છે અને 'આપ' દેખાડશે કે વિપક્ષ કેટલો મજબૂત પક્ષ છે.



આતિશીને વિપક્ષ નેતા બનાવવા પર 'આપ'ના નેતા ગોપાલ રાયે જણાવ્યું હતું કે પડકારજનક સમયમાં આતિશીએ મુખ્યમંત્રી તરીકે દિલ્હીની જનતાની સેવા કરી હતી. આમ આદમી પાર્ટી એક સ્વસ્થ વિપક્ષની જવાબદારી નિભાવશે.

દિલ્હીની મહિલાઓને ભાજપ દ્વારા ૨૫૦૦ રૂપિયા આપવાના વચન પર આતિશીએ જણાવ્યું હતું કે ભાજપની નવી કેબીનેટ બેઠકમાં મહિલાઓને મહિને ૨૫૦૦ રૂપિયા આપવાની યોજના પાસ નથી થઈ પણ અમે મહિલાઓને અઢી હજાર રૂપિયા અપાવીને જ રહીશું.

# ભાજપ શાસિત રાજયોમાં આયુષ્યમાન કાર્ડ બનાવવાની કામગીરી ફૂલ સ્પીડમાં

## દિલ્હીમાં આયુષ્યમાન કાર્ડ બનાવવાની કામગીરી ઝડપથી હાથ ધરાશેઃ પશ્ચિમ બંગાળ સરકારે આયુષ્યમાન કાર્ડ યોજના નથી અપનાવી

નવી દિલ્હી તા.૨૪

આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી-જન આરોગ્ય યોજના (એબી પીએમ-જેએવાય)માં નવા કાર્ડ બનાવવા અને આ યોજનામાં સારવાર કરાવનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીનો આંકડો જોઈએ તો ભાજપ શાસિત રાજયોમાં આયુષ્યમાન કાર્ડ બનાવવાની સ્પીડ ઘણી છે. જેમાં ૩૪ રાજયોના ૩૬.૭૫ કરોડથી વધુ લોકોના આયુષ્યમાન કાર્ડ બની ચુકયા છે.જયારે ૭૦ વર્ષ કે તેથી વધુ વયના લોકોના કાર્ડ ઈસ્યુ કરવાની સ્પીડ બની વધી રહી છે. ૪૮.૯૪ લાખ સિનિયર સિટીઝનને આયુષ્યમાન વય વંદના કાર્ડ મળી ચૂકયા છે.આ યોજનાથી ૪.૫ કરોડ પરિવારનાં કરોડ વરિષ્ઠ નાગરીકોને ફાયદો થવાનો છે. આયુષ્યમાન કાર્ડથી ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ મળે છે.જયારે દિલ્હીમાં ૧૦ લાખ રૂપિયાનું વીમા કવચ મળશે પૂરા દેશમાં ૩૦ હજાર હોસ્પીટલો આ યોજનાઓમાં નેટવર્ક સાથે જોડાઈ છે. જેમાં વધારો પણ થશે. પેકેજ રેટસ પર રિવાઈઝ થશે. આ મામલે ભાજપ શાસિત રાજયો ટોપ ૬ માં છે.જેમાં ઉતર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન ટોપ-૬ માં છે.

બિન ભાજપી રાજય દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં હજુ સુધી કોઈનું આયુષ્યમાન કાર્ડ નથી બન્યુ.જોકે દિલ્હીમાં ટુંક સમયમાં કાર્ડ બનવા શરૂ થશે. કારણ કે નવી દિલ્હીમાં ભાજપ સરકારે આ યોજના મંજુર કરી છે.કેન્દ્રનાં લીસ્ટ મુજબ દિલ્હીમાં ૬,૫૪,૦૪૧ ફેમીલીનાં કાર્ડ બનવાના છે. આમા વધારો પણ કરશે. પશ્ચિમ બંગાળમાં ૧,૨૪,૩૭,૪૮૨ પરીવાર આ યોજનામા કવર થાય છે. પણ સરકારે યોજના નથી બનાવી.આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી-જન આરોગ્ય યોજના (એબી પીએમ-જેએવાય)માં નવા કાર્ડ બનાવવા અને આ યોજનામાં સારવાર કરાવનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીનો આંકડો જોઈએ તો ભાજપ શાસિત રાજયોમાં આયુષ્યમાન કાર્ડ બનાવવાની સ્પીડ ઘણી છે. જેમાં ૩૪ રાજયોના ૩૬.૭૫ કરોડથી વધુ લોકોના આયુષ્યમાન કાર્ડ બની ચુકયા છે.

# મવડીમાં રૂ.૧૭ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

## સર્વે નં.૧૯૪ પૈકીની ૨૫૦૦ ચો.મી. સરકારી જમીન પર ગેરકાયદે ખડકાઈ ગયેલા ૪૫ રહેણાંક મકાનોનાં દબાણો ઉપર જિલ્લા કલેકટરની સુચના મુજબ દક્ષિણ મામલતદારે બુલડોઝર ફેરવી દીધુ







રાજકોટ,તા.૨૪

રાજકોટ જિલ્લા કલેકટરના આદેશ મુજબ છેલ્લા કેટલાક મહિનાઓથી શહેર-જિલ્લામાં જુદા જુદા સ્થળોએ આવેલી કિંમતી સરકારી જમીનો ઉપરથી સંબંધિત મામલતદારો દ્વારા દબાણો હટાવવામાં આવી રહ્યા છે. અને કરોડો રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી રહી છે.

ત્યારે આજરોજ પણ કલેકટરનાં આદેશ મુજબ મવડી ગામમાં રૂ.૧૭ કરોડની કિંમતની મૂલ્યવાન સરકારી જમીન ઉપરના દબાણો પર બુલડોઝર ફેરવી દઈ દક્ષિણ મામલતદારે જમીન ખુલ્લી કરાવી દીધી હતી.

ઉપરોકત સરકારી જમીન ઉપર લાંબા સમયથી જુદા જુદા લોકોએ ૪૫ જેટલા, કાચા-પાકા મકાનો ગેરકાયદે ખડકી દીધા હતા. દરમ્યાન તંત્રએ તાજેતરમાં જ આ દબાણકર્તાઓને નોટીસો પણ ફટકારી હતી. છતા નિયત મુદતમાં દબાણો નહીં હટાવાતા આજરોજ જિલ્લા કલેકટરની સુચના મુજબ દક્ષિણ મામલતદાર અને તેની ટીમે દબાણો હટાવી દીધા હતા.

અત્રે ઉલેખનીય છે કે, આજરોજ તા.૨૪/૨ના રોજ કલેકટર રાજકોટ પ્રભવ જોશીની સુચના અનુસાર પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ ડો.ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ મામલતદાર રાજકોટ શહેર દક્ષિણ એલ.બી. ઝાલા તથા નાયબ મામલતદાર ધવલ પરમાર તથા મવડી તલાટી સી.બી. કાનગડ, જે.એમ. ડાભી, બી.એમ. ઝાલા તાલુકા પોલીસ સ્ટેશન સ્ટાફ તથા રાજકોટ મ.ન.પા.ની ટીમ સાથે રાજકોટ શહેર દક્ષિણ વિસ્તારમાં મવડી ગામમાં પુષ્ટિવાટીકા પાસે ૮૦ ફૂટ રોડ સર્વે નં.૧૯૪ પૈકીની જમીન અંદાજે ૨૫૦૦ ચો.મી.માં દબાણ દુર કરી અંદાજીત ૧૭ કરોડ રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

# રાજકોટના વૈશાલીનગરમાં તાવથી ૮ માસના બાળકનું મોત; સપ્તાહમાં રોગચાળાના ૧૯૪૬ કેસ

## માસુમ બાળક સિવિલમાં સારવાર હેઠળ હતો : ડેંગ્યુનો વધુ એક કેસ : શરદી – ઉધરસ, ઝાડા – ઉલ્ટી ઉપરાંત ખતરનાક તાવ ટાઈફોઈડ અને કમળાના પણ પાંચ દર્દી ચોપડે ચડયા

રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં મચ્છરોના ઉપદ્રવ કેન્દ્રો સાફ રાખવા મહાપાલિકાનું આરોગ્ય અને મેલેરીયા તંત્ર કામગીરી કરી રહ્યું છે ત્યારે સિવિલ હોસ્પિટલમાં એક આઠ માસના બાળકનું તાવની સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. તો બીજી તરફ મચ્છરજન્ય સિવાયના પણ ૧૯૦૦થી વધુ કેસ મહાપાલિકાના ચોપડે રોગચાળાના ચડયા છે. ટાઈફોઈડ અને કમળાના કેસ પણ વધતા દેખાયા છે.

સિવિલ હોસ્પિટલમાંથી મળેલી વિગત મુજબ રૈયા રોડના વૈશાલીનગરમાં રહેતા લાલા સોહલાનો આઠ માસનો પુત્ર વનરાજ શનિવારે તાવની બિમારી સબબ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થતા શોક ફેલાયો છે.

બીજી તરફ કોર્પો.ના ચોપડે તાવથી મૃત્યુની કોઈ નોંધ નહીં હોવાનું



સત્તાવાર સુત્રોએ કહ્યું છે પરંતુ જે રીતે ઘરે ઘરે મચ્છરના ખાટલા છે એ જોતા લોકોએ ખુબ તકેદારી રાખવાની જરૂર હોવાનો મત છે. દરમ્યાન તા. ૧૭ થી ૨૩ દરમ્યાન ડેંગ્યુનો વધુ એક કેસ નોંધાયો હતો. તો મેલેરીયા અને ચીકનગુનીયાનો કોઈ કેસ નોંધાયો નથી. છતાં અઠવાડિયામાં સીઝનલ રોગચાળાના ૧૯૪૬ જેટલા કેસ બહાર આવ્યા છે. જેમાં ખતરનાક તાવ ટાઈફોઈડના ત્રણ અને કમળાના બે દર્દી સામેલ છે. શરદી, ઉધરસના ૯૧૨, સામાન્ય તાવના ૮૨૮ અને ઝાડા-ઉલ્ટીના ૨૦૦ દર્દી નોંધાયા છે. એટલે કે ખોરાક અને પાણીજન્ય રોગચાળાના કેસ વધ્યાનું પણ લાગ્યું છે. મેલેરીયા શાખાએ જણાવ્યું છે કે, ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

છેલ્લા અઠવાડિયામાં ૨૩,૮૧૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૫૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનોએ ચકાસણી ચાલુ છે.

આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૨૯૪ પ્રીમાઈસીસમાં તપાસ કરવામાં આવતા મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૧૫ અને કોર્મશીયલ ૭૯ આસામીને નોટીસ આપવામાં આવેલ છે. આરોગ્ય અધિકારી દ્વારા મચ્છરનો ઉપદ્રવ થાય તે પ્રકારના અવેડા, કુંડી, ટાંકીઓ સાફ કરવા, વધારાના પાણીનો નિકાલ કરવા, પુરૂ શરીર ઢંકાય તેવા કપડા પહેરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાજકોટ-જૂનાગઢ વચ્ચે દોડશે મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન


જૂનાગઢમાં યોજાનાર ‘‘મહાશિવરાત્રી મેળા’’ નિમિત્તે મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ વિશેષ ભાડા સાથે રાજકોટ અને જૂનાગઢ વચ્ચે ૨૫, ૨૬ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ત્રણ દિવસ માટે ‘‘ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન‘‘ ચલાવવાનું નક્કી કર્યુ છે. વિગતો નીચે મુજબ છે૧) રાજકોટ-જૂનાગઢ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન રાજકોટ સ્ટેશનથી સવારે ૧૦.૫૫ કલાકે ઉપડી જૂનાગઢ બપોરે ૧૩.૦૦ કલાકે પહોંચશે.૨) એ જ રીતે રિટર્ન માં, જૂનાગઢ-રાજકોટ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી બપોરે ૧૩.૪૦ વાગ્યે ઉપડશે અને ૧૭.૦૫ વાગ્યે રાજકોટ પહોંચશે. ઉપરોક્ત ટ્રેનો બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર ઉભી રહેશે. નોંધનીય છે કે ઉપરોક્ત બંને ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ ટ્રેનો તરીકે દોડશે.

# ‘રેરા’નો કોરડો; ૧૦ વર્ષ જુની સોસાયટીનું રજીસ્ટ્રેશન રદ

## ૨૦૨૩ માં પૂર્ણ કરવાનો પ્રોજેક્ટ હજુ ચાલુ હોવાનું દર્શાવાતું હતું : બુકીંગ – વેંચાણ – માર્કેટીંગ પર પ્રતિબંધ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર સ્થિત ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા એક આદેશ પસાર કરીને સુરતની એક હાઉસીંગ સ્કીમનું રજીસ્ટ્રેશન તાત્કાલિક અસરથી સ્થગિત કરવાનો આદેશ કરીને આ સ્કીમ મુકનીર બિલ્ડરને કોઇપણ જાતનું બુકીંગ કે માર્કેટીંગ કરવા ઉપર પ્રતિબંધ લાગુ કરી દીધો છે. વધુ હુકમ ના થાય ત્યાં સુધી તા. ૨૧ ફેબ્રુઆરીનો રોજ આવો આદેશ પસાર કરવામાં આવતા બિલ્ડર આલમમાં ચર્ચાનો મુદ્દો ઉભો થયો છે.કેસની વિગતો મુજબ રેરાના સચિવ એ. જે. દેસાઇ દ્વારા સહજાનંદ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભાગીદારી પેઢીના ભાગીદાર ભુમીનભાઇ રમેશભાઇ બુટણી તથા અન્યોને સંબોધીને પસાર કરવામાં આવેલા આદેશ




મુજબ સુરતના કામરેજ વિસ્તારમાં આવેલા સહજાનંદ ગ્રીન સિટી નામનો પ્રોજેક્ટ રહેણાંક અને કોમર્શિયલ યુનિટ્સ માટે વર્ષ ૨૦૧૫માં મુકવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટની નોંધ રેરા સમક્ષ વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી. રેરાની વેબસાઇટ ઉપર આપવામાં આવેલી માહિતી મુજબ કુલ છ ટાવરમાં કુલ ૫૭૧ યુનિટ્સ હતા. આજની તારીખમાં ૪૦૭ યુનિટ અવેલેબલ છે. પ્રોજેક્ટ પૂર્ણ તારીખ ૩૦-૦૯-૨૦૨૩ના રોજની છે પરંતુ હાલમાં વેબસાઇટ ઉપર હજુ ઓનગોઇંગ પ્રોજેક્ટ બતાવે છે.

દરમિયાન તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલા આદેશમાં સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા. ૧૮ જાન્યુઆરીના રોજ લખવામાં આવેલા પત્ર તેમજ રેરા દ્વારા તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ નોંધ પરના આદેશનો સંદર્ભ ટાંકવામાં આવ્યો છે.

આથી રેરા એક્ટની કલમ ૩૬ મુજબનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો તેમાં જણાવવામાં આવ્યું છે કે, ‘‘મોજે કામરેજ, તા.- કામરેજ, જી સુરતના બ્લોક નંબર ૧૬૬ વાળી જમીનમાં આપેલ વિકાસ પરવાનગી અન્વયે સંદર્ભમાં જણાવેલ પત્ર/હુકમની સદર વિકાસ પરવાનગી સ્થગિત કરવા તથા સ્થળે આગળનું બાંધકામ ન કરવા હુકમ કરવામાં આવેલ છે.‘‘

હુકમમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ‘‘જેને ધ્યાનમાં રાખી સંદર્ભ-૨ અન્વયે સંભવિત એલોટીઝ તથા રસ ધરાવનારના હિતમાં રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ-૨૦૧૬ની કલમ-૩૬ મુજબ આપના પ્રોજેક્ટ ‘સહજાનંદ ગ્રીન સિટી’ નુ રજીસ્ટ્રેશન તાત્કાલિક ધોરણે સ્થિગત (સસ્પેન્ડ) કરવાનો ઓથોરિટી દ્વારા નિર્ણય કરવામાં આવે છે.‘‘

હુકમમાં અંતે જણાવવામાં આવ્યુ છે કે, પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન સ્થગિત થતા પ્રોજેક્ટમાં હવે પછીનું પ્રોજેક્ટનું માર્કેટીંગ, બુકીંગ અને વેચાણ કરવું પ્રતિબંધિત બને છે. પ્રતિબંધ બાદ પણ પ્રોજેક્ટનું માર્કેટીંગ, યુનિટનું બુકીંગ-વેચાણની કાર્યવાહી કરવાના કિસ્સામાં રેરા એક્ટની જોગવાઇના ભંગ બદલ દડનીય કાર્યવાહીને પાત્ર બનશે.

આ હુકમની નકલ સુડાના નગર નિયોજક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા કે જ્યાંની લોન બોલે છે અને નવા ગામ-કામરેજની સબ રજીસ્ટ્રાર કચેરીને મોકલવામાં આવ્યો છે.

### વિધાનસભામાં હર્ષ સંઘવીની જાહેરાત

# સમગ્ર દેશમાં એન્ટ્રી બુલીંગ યુનિટ રચનાર ગુજરાત પ્રથમ

રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે સ્ટેટ સાઇબર ક્રાઇમ સેલ સમગ્ર રાજ્યમાં બનતી સાયબર ક્રાઇમને લગતા ગુનાઓ સબંધે નોડલ એજન્સી તરીકે સુપરવિઝન કરે છે.

સ્ટેટ સાયબર ક્રાઇમ સેલનાં પ્રિવેન્શન યુનિટ ખાતે સતત અને સઘન સાયબર પેટ્રોલીંગ કરવામાં આવે છે તેમજ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ અને વિડીયો શોધી તેને સંલગ્ન સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ઉપરથી તે વાંધાજનક પોસ્ટ અને વિડીયો દુર કરાવવાની કામગીરી કરવામાં આવે છે.એન્ટી બુલીંગ યુનિટ દ્વારા સોશ્યલ હેરેસમેન્ટ સંદર્ભે નોંધાયેલ ફરિયાદોમાં ભોગ બનનારાઓનું સાયકોલોજીસ્ટ દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે તેમજ હેરેસમેન્ટનો ભોગ બનનાર



નાગરિકોને આત્મહત્યા કરતા બચાવવામાં આવે છે જેમાં આજ સુધી ૬૦ થી વધારે નાગરીકોને આત્મહત્યા કરતા બચાવવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં એન્ટી બુલીંગ યુનિટની રચના કરનાર ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. રાજ્યમાં સાયબલ ક્રાઇમને લગતા ગુનાઓને અટકાવવા તેમજ આવા ગુનાઓના ત્વરીત ઉકેલ લાવી શકાય તે માટે સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ અંતર્ગત રાજયના સાયબર ક્રાઇમ સેલ ખાતે વધારાનો મેન પાવર તેમજ અત્યાધુનિક ફોરેન્સીક ટુલ્સ ફાળવવાનું આયોજન છે.

રાજયમાં સાયબર ક્રાઇમના ગુનાઓ પર નિયંત્રણ મેળવવા તેમજ અસરકારક પરિણામ મેળવવા માટે રાજ્ય પોલીસ દળમાં કાર્યરત ટેકનીકલ કૌશલ્ય ધરાવતા અને આ વિષયવસ્તુ પરત્વે રૂચી ધરાવતા કર્મચારીઓના કૌશલ્યની ચકાસણી કરી તેમજ તેઓને જરૂરી તાલીમ આપી તેઓને ‘સાયબર કમાન્ડો’ તરીકે તૈયાર કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.માત્ર પોલીસ સ્ટેશનમ ખાતે મળતી ફરિયાદો જ નહીં પરંતુ ભારત સરકાર દ્વારા સંચાલિત નેશનલ સાયબર ક્રાઇમ રીપોર્ટીંગ પોર્ટલ પર સાયબર ક્રાઇમનો ભોગ બનનાર કોઇ પણ નાગરિકોની ઓનલાઇન ફરિયાદો પર સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

# કોર્ટ મેરેજનું પ્રમાણપત્ર - લગ્ન નોંધણી સર્ટીફીકેટ મેળવવા માન્ય રહી શકશે

### લગ્ન વિધિ સહિતના કેટલાક પુરાવાઓ રજુ કરવામાંથી મુક્તિ

રાજકોટ, તા. ૨૪

લગ્ન નોંધણી કાયદો હવે ફરજીયાત છે. પરંતુ કોર્ટમાં મેરેજ કરનારા પુરાવા રજૂ કરવામાં થાકી જતા હોય આવા કાનુની રજીસ્ટર મેરેજ કરનારા યુગલો હવે ફેરા ફર્યા વગર જ મેરેજ સર્ટિફિકેટ મેળવી શકશે જેના માટે અમુક નિયમોની અમલવારી જરૂરી છે.અમુક સરકારી નિયમોમાં મેરેજ સર્ટીફીકેટ ફરજિયાત રજૂ કરવાનું હોવાથી કોર્ટ મેરેજ કરનાર યુગલોએ ફરજિયાત ફેરા ફરવા પડે છે. તેના પુરાવા રજુ કરવા પડે છે. કોર્ટ મેરેજ કરેલા યુગલો સમુહ લગ્ન અથવા ગાંધર્વ વિવાહ કરી મેરેજ સર્ટિફીકેટ માટે અરજી કરતા હોય છે.

જેના લીધે આ પ્રકારના યુગલો દ્વારા મનપાના લગ્ન નોંધણી વિભાગમાં આ બાબતે પુછપરછ કરવામાં આવતી હતી અને આ યુગલો હેરાન થતાં હતાં. તેથી આરોગ્ય વિભાગ દ્વારા હવે લગ્ન નોંધણી સર્ટી માટે કોર્ટનું સર્ટીફીકેટ માન્ય રહેશે તેમ જણાવ્યું છે. ઉપરાંત લગ્ન નોંધણી માટે રજૂ કરવાના થતાં વર કન્યા તેમજ તેમના પરિવાર સહિતના પુરાવાઓ ફરજિયાત રજૂ કરવાના રહેશે તેમજ કોર્ટ મેરેજ વખતે યુગલે રજૂ કરેલ ફુલહાર સાથેનો ફોટો ફરજિયાત રજૂ કરવાનો રહેશે જ્યારે અન્ય પુરાવામાંથી મુકિત મળશે. કોર્ટ મેરેજ કરનારાઓ માટે આ રાહતરૂપ વ્યવસ્થા બને તેમ લાગી રહ્યું છે.

# મુખ્યમંત્રી-પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૨૫૦૬ કરોડ વપરાયા જ નહીં, હજુ ૬૦૬૮ કિ.મી. રસ્તા કાચા

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં રૂપિયા ૫૦૦૫ કરોડની બજેટ જોગવાઈ સામે રૂ.૩૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કુલ રૂપિયા ૫૭૫૧ કરોડના મંજૂર પ્રોજેકટ મૂલ્ય સામે રૂ. ૫૧૦૨ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. જેને કારણે રાજ્યમાં હજી કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી છે જે કુલ રસ્તાના ૧૧.૬૨ % છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪-૧૫ સુધી જે કેન્દ્રનો હિસ્સો ૧૦૦ ટકા હતો તે વર્ષ ૨૦૧૫-૧૬ થી કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા અને રાજ્યનો ૪૦ ટકા કરવામાં આવ્યો છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે નોન-પ્લાન રસ્તાની કુલ લંબાઈ ૪૯,૫૮૦ કિ.મી. હતી. વધુમાં, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કિસાનપથ યોજના વગેરે અંતર્ગત નવા ૨૬૪૪ કિ.મી.ના રસ્તાઓ પૂર્ણ કરવામાં આવતાં વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ વધીને ૫૨,૨૨૪ કિ.મી. થઈ હતી. વર્ષ



૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ ૫૨૨૨૪ કિ.મી. પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૪૬૧૫૬ કિ.મી. (૮૮.૩૮ ટકા) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી. (૧૧.૬૨ ટકા) હતી.

માહિતી પ્રમાણે વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે ૮૦૭૦૬ કિ.મી.ના કુલ રસ્તાઓ પૈકી ૬૭૨૨ કિ.મી. રાષ્ટ્રીય ધોરી માર્ગો, ૧૫૭૩૮ કિ.મી. રાજ્ય ધોરી માર્ગો, ૨૦૧૫૩ કિ.મી. મુખ્ય જિલ્લા માર્ગો, ૧૦૦૫૨ કિ.મી. અન્ય જિલ્લા માર્ગો અને ૨૮૦૪૧ કિ.મી. ગ્રામ્ય માર્ગો હતાં. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રારંભ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી કરવામાં આવી છે. આ યોજના હેઠળ લાયકી ધોરણમાં આવતા હોય તેવા ૫૦૦ થી વધુ વસતિના નોર્મલ તથા ૨૫૦ થી વધુ વસતિવાળા આદિજાતિ પરાઓને વસતિ ગણતરી ૨૦૦૧ની સ્થિતિએ બારમાસી રસ્તાઓથી જોડાણ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૪-૧૫ સુધી કેન્દ્રનો હિસ્સો ૧૦૦ ટકા હતો, જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬થી કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા અને રાજ્યનો ૪૦ ટકા કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ સુધી (૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ અંતિત), મંજૂરી મળેલ ૧૫૫૫૪ કિ.મી.ના રસ્તા સામે ૧૫૩૩૦ કિ.મી.ના રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા છે અને કુલ રૂ. ૫૭૫૧.૦૦ કરોડના મંજૂર પ્રોજેક્ટ મૂલ્ય સામે રૂ. ૫૧૦૨.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭થી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ (ડિસેમ્બર-૨૦૨૪ અંતિત) દરમિયાન ૭૦૦૦ કિ.મી.ના રસ્તાઓના લક્ષ્યાંક સામે કુલ ૩૭૬૮ કિ.મી. રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા છે અને રૂ.૫૦૦૫ કરોડની બજેટ જોગવાઈ સામે રૂ.૩૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં વીસીઈ કર્મીઓનાં ધરણાઃ અટકાયત

### ટાટ ઉમેદવારોની માફક વીસીઈ કર્મીઓની અટકાયત કરાઈ

ગાંધીનગર,તા.૨૪

એક તરફ આજે TET-TAT પાસ ઉમેદવારોએ ગાંધીનગરમાં આંદોલન શરુ કર્યું છે ત્યારે બીજી તરફ સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત રાજ્યના VCE (વિલેજ કોમ્પ્યુટર સાહસિક-વિલેજ કોમ્પ્યુટર એંત્યોંપ્રિન્યોર) કર્મચારીઓના ધરણાં પ્રદર્શન યોજી વિરોધ નોંધાવ્યો હતો.

મળતી માહિતી મુજબ VCE કર્મચારીઓ છેલ્લા ૮ વર્ષથી વિવિધ માંગણીઓ કરી રહ્યા છે. તેઓ કમિશન પ્રથા બંધ કરવા, નિયમિત પગાર ધોરણ લાગુ કરવા લઘુત્તમ વેતન ધારો અમલમાં મૂકવો અને ઊ-ગ્રામ પોલિસીમાં ફેરફાર કરવા સહિતની માંગ કરી રહ્યાં છેપરંતુ સરકારે આપેલી બાંહેધરી પૂર્ણ ના થતા VCE આંદોલનના માર્ગે ચાલ્યા છે.




છેલ્લા ઘણા સમયથી કમિશન પ્રથા બંધ કરવા, પગાર ધોરણ લાગુ કરવાની માંગ કરી રહ્યાં છે ગ્રામપંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર્સ. લઘુત્તમ વેતન ધારો લાગુ કરવા, ઈ-ગ્રામ પોલિસી બદલી કરવાની માંગણી કરાઈ છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ટ્ઈઊ નું શોષણ થઈ રહ્યું હોવાની ફરિયાદ કરાઈ છે.

ગુજરાતના મંત્રીઓ પણ માની રહ્યાં છે કે એક સમયે ગામમાં તલાટી ન હોય તો ચાલશે પણ ગ્રામપંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર્સ ન હોય તો કામ નહીં થાય તેમ છતા VCE કર્મચારીઓનું આર્થિક શોષણ સતત ચાલી રહ્યું છે.આજે જ્યારે VCE કર્મચારીઓનું ધરણાં પ્રદર્શન યોજાયું હતુ ત્યારે ગાંધીનગર પોલીસે ધરણા પર બેઠેલા તમામ વીસીઈ કર્મચારીઓની અટકાયત કરી હતી.

# ગુજરાત સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે, TET-TAT ઉમેદવારોના આંદોલન વચ્ચે શિક્ષણ મંત્રીનું નિવેદન

આજે રાજ્યભરમાંથી ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન માટે ગાંધીનગર પહોંચી રહ્યા છે. બીજી તરફ આંદોલન આક્રમક બને તે પહેલાં પોલીસ દ્વારા અટકાયત શરૂ કરી દેવાઈ છે. આ દરમિયાન ટેટ-ટાટ પાસ ઉમેદવારો માટે ગાંધીનગરથી ખુશીના સમાચાર સામે આવ્યા છે. શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ શિક્ષકોની ભરતીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું છે કે, 'ગુજરાત સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે. સરકારે બાંહેધરી આપી છે તે પ્રમાણે ભરતી થશે. આચાર સંહિતાના કારણે ભરતી પ્રક્રિયામાં મોડું થયું છે. સરકાર દ્વારા ભરતી અંગે જે સત્તાવાર જાહેરાત કરાઈ છે, તે તમામ જગ્યા પર ચોક્કસ ભરતી કરાશે.'

આ રીતે શિક્ષણ મંત્રીએ નિવેદન આપી આંદોલન પર ઠંડુ પાણી રેડી દેવાનો પ્રયાસ કર્યો છે. જો કે જોવાનું એ રહ્યું કે પ્રફુલ્લ પાનસેરિયાના નિવેદન બાદ ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન પાછું ખેંચશે કે પછી આંદોલન ઉગ્ર બનશે.

ગુજરાતમાં ઝઊઝ-ઝઅઝ પાસ ઉમેદવારોએ પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આજે સોમવારે (૨૪મી ફેબ્રુઆરી) આ ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલનમાં પહોંચી રહ્યા છે. જેને લઈને સત્યાગ્રહ છાવણીએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

### સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા રાષ્ટ્રવ્યાપી નેટવર્કનો પર્દાફાશ કરાયો

# રાજકોટ પાયલ કાંડના પડઘા વિધાનસભામાં : કેસ ફાસ્ટટ્રેક પર ચાલશે

## વિધાનસભામાં કોંગ્રેસે ઉઠાવેલા મુદ્દા પર ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીનો જવાબ : સોશ્યલ મીડીયા પરથી વાંધાજનક કન્ટેન્ટ પણ દુર કરાયા છે : આરોપીઓને સખ્ત સજા કરાવાશે

રાજકોટઃ ગુજરાતમાં બહુચર્ચીત અમદાવાદની ખ્યાતિ હોસ્પીટલ કાંડ બાદ રાજકોટની પાયલ હોસ્પીટલમાં મહિલાઓની તબીબી તપાસના રૂમના સીસીટીવી ફુટેજ જે રીતે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર વાયરલ થયા અને જે રીતે દેશમાંથી આ પ્રકારના જીમથી લઈને હોટેલો અને કુંભમાં મહિલાઓના પવિત્ર સ્નાનના પણ વિડીયો ઉતારીને વેચવાનો ધંધો દેશભરમાં ચાલે છે.

તેના પર્દાફાશ બાદ આજે વિધાનસભામાં પાયલ હોસ્પીટલ કાંડના પડઘા પડયા છે અને કોંગ્રેસ પક્ષે ગૃહ બહાર દેખાવો કર્યા હતા અને વિપક્ષના નેતા શ્રી અમીત ચાવડા સહિતના સભ્યએ ઉઠાવેલા મુદાનો જવાબ આપતા ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જવાબ આપતા કહ્યું કે, અમદાવાદ પોલીસની સોશ્યલ મીડીયા મોનેટરીંગ સેલની ટીમ દ્વારા ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

રાજયમંત્રી તથા રાજય બહારથી ધરપકડો પણ કરવામાં આવી છે તથા સમગ્ર ષડયંત્રનો પણ પર્દાફાશ કરીને આ દેશવ્યાપી રેકેટ હોવાનો પર્દાફાશ ગુજરાત પોલીસે કર્યો છે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, એક વખત તપાસ પુર્ણ થાય પછી કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવીને આરોપીઓને સખ્ત સજા થાય તે જોવાશે તથા સ્ટેટ સાયબર સેલ પ્રિવેન્સન યુનિટે સોશ્યલ મીડીયા પરથી આ પ્રકારના તમામ કન્ટેન્ટ પણ દુર કરવા જે તે પ્લેટફોર્મને જણાવાયુ છે તથા એક વખત તપાસ પુરી થયા બાદ કેસ ફાસ્ટટ્રેક પર ચલાવીને આરોપીઓને સખ્ત સજા અપાવવાના પ્રયાસો કરવામાં આવશે.

કોંગ્રેસના ધારાસભ્યનો અનોખો વિરોધઃ તબીબ અને દર્દી બનીને આવ્યાઃ ઓપરેશન કર્યુ

તાવ આવ્યો છે તેવુ કહેનારનુ ઓપરેશન કરી ખ્યાતિ કાંડ પર કટાક્ષ કર્યો

આજે વિધાનસભાની કાર્યવાહી પૂર્વે કોંગ્રેસે અનોખું વિરોધ પ્રદર્શન કર્યુ હતું. રાજકોટ પાયલ હોસ્પિટલ ઈઝ્ઝટ કાંડ, ખ્યાતિ હોસ્પિટલ કાંડને લઈને કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. પેશન્ટને આવ્યો છે કહી બાયપાસ કરી નાખ્યુ હતું.

ગુજરાત વિધાનસભા પરિસરમાં કોંગ્રેસે સરકારની આંખો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, તુષાર ચૌધરી અને જિગ્નેશ મેવાણી ડોકટર બન્યા હતા જ્યારે કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર દર્દી બન્યા હતા.આ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ અનોખો વિરોધ નોંધાવ્યો હતો અને ખ્યાતિકાંડ, પાયલ હોસ્પિટલ ઈઈઝ્ટ કાંડને લઈને રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા હતા.

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસે ખ્યાતિ હોસ્પિટલ કાંડ અને અન્ય હોસ્પિટલમાં થઇ રહેલા કૌભાંડના મુદ્દા પર વિધાનસભા પરિસરમાં નાટ્ય સ્વરૂપમાં વિરોધ કરી ઈઈઈ તપાસની માંગ કરી હતી.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી ભ્રષ્ટાચારનું રેકેટ ચાલે છે. કમિશન લેવા માટે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. આ ભાજપની સરકારમાં કમિશન માટે લોકોના જીવ લેવાયા છતાંય સરકારને શરમ આવતી નથી.

# ગુજરાતના બોટિંગ કરતાં ૫૦,૦૦૦ કુટુંબ બેરોજગાર થયા, કારણ- સરકારના બિનવ્યવહારુ નિયમો

વડોદરામાં હરણી બોટ કાંડ બાદ ગુજરાત સરકારે બોટિંગ પ્રવૃત્તિ માટે બનાવેલા કડક નિયમોને કારણે ધાર્મિક સ્થળોએ બોટિંગ અને ફિશિંગ કરીને રોજીરોટી મેળવતા આશરે ૫૦ હજાર કુટુંબો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.



બોટિંગ પર જીવન નિર્વાહ ગુજારતા પરિવારો વતી ગુજરાત સરકારને નિયમો હળવા બનાવવા રજૂઆત કરાઈ છે. જે નિયમો બનાવ્યા છે, તેમાં બોટના ડ્રાઈવર (પાયલોટ) માટે લાઈસન્સ ફરજિયાત રાખ્યું છે. જેમ આરટીઓ વાહનચાલકને લાઈસન્સ આપે છે, તે રીતે બોટના ડ્રાઈવરને લાઈસન્સ આપતી ગુજરાતમાં કોઈ સંસ્થા નથી. બોટ બિલ્ડિંગનું એટલે કે બોટ બનાવનાર સંસ્થાનું લાઈસન્સ માગવામાં આવે છે. ગુજરાતમાં ફિશિંગ ઉપરાંત નદીઓમાં ધાર્મિક સ્થળો ખાતે જે બોટ ફરે છે તે મોટે ભાગે અલંગ શિપયાર્ડથી લવાયેલી હોય છે.

અલંગથી લાવેલી બોટ ફ્રાન્સ, ઈટાલી કે બીજા કોઈ દેશમાં બનેલી હોય છે. બોટ ચલાવનાર ગરીબ માણસ ત્યાંનું લાઈસન્સ ક્યાંથી લાવે તે મોટો સવાલ છે. અમુક બોટ તો સ્થાનિક સ્તરે હાથે બનાવેલી હોય છે. જેની કોઈ સંસ્થા નથી હોતી.

આ સિવાય બોટનું ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત બનાવ્યું છે. જે સરકાર માન્ય સંસ્થા પાસેથી લેવું પડે છે અને તેની ફી ઘણી ઊંચી છે. જેમાં ફાયર એક્સ્ટીંગ્યુશર, લાઈફબોટ, ચેન, એન્કર્સના ટેસ્ટ, વાર્ષિક સર્વે, માસિક મેન્ટેનન્સ, મેન્ટેનન્સ કર્યાના ફોટા અને વીડિયો ડોક્યુમેન્ટેશન જાળવવા, વીમો લેવો વગેરે બાબતો બોટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ગરીબ અને ઓછું ભણેલા લોકો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. આ નિયમો કેવળ કડક જ નથી, પરંતુ બિનવ્યવહારુ પણ છે .વડોદરા પૂર્વ મેયર ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની રજૂઆત મુજબ હાલ કેવડિયા અને સાબરમતી ખાતે ક્રૂઝ અને દ્વારકા તથા સાપુતારામાં બોટિંગ ચાલુ જ છે. શુકલતીર્થ, કબીરવડ જવા પણ હોડીઓ ફરે છે. નદીમાં રેતી ખનનમાં ચાલતી બોટોમાં ધ્રાબાજી ચાલે છે, એવો આક્ષેપ કરી તેમણે વેળાસર બોટ ચલાવવા નિયમો હળવા કરી મંજૂરી આપી ૫૦ હજાર કુટુંબો પરની આર્થિક ભીંસ દૂર કરવા માગ કરી છે.

## રાજકોટથી કુંભ માટે એસ.ટી.ની આજ છેલ્લી બસ દોડાવાશે


રાજકોટ,તા.૨૪

અમદાવાદ-વડોદરા અને સુરતની જેમ રાજકોટ એસટી વિભાગે પણ મહાકુંભ માટે ખાસ પેકેજ સાથેની વોલ્વો બસ સેવા શરૂ કરી છે. અને હવે આ સેવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.ત્યારે રાજકોટ એસટી વિભાગનાં સુત્રોના જણાવ્યા મુજબ મહાકુંભ માટેની સ્પેશ્યલ બસોને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. ત્યારે હવે રાજકોટથી આવતીકાલે મહાકુંભ માટેની છેલ્લી બસ ઉપડશે.વિભાગીય નિયામક (રાજકોટ)ના જણાવ્યા મુજબ ગત તા.૪/૨થી રાજકોટથી કુંભ માટેની વોલ્વો સેવા શરૂ કરાઈ હતી. જેમાં આજ સુધીમાં રાજકોટથી કુંભ માટે ૪૪ ટ્રીપો દોડાવાઈ છે. અને તેનો ૯૯૦ મુસાફરોએ લાભ લીધો છે જયારે, રાજકોટથી કુંભની ટ્રીપો દરમ્યાન રાજકોટ વિભાગને રૂા.૮૮ લાખની આવક પણ થઈ છે.

# લવજેહાદઃ રેલનગરમાં ટ્યુશનમાં ગયેલ ૧૫ વર્ષીય સગીરાને પડધરીનો વિધર્મી ભગાડી ગયો

## ઘરેથી નીકળેલ સગીરા ટ્યુશનમાં પહોંચે તે પહેલાં જ શખ્સ અપહરણ કરી નાસી છૂટ્યો, પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

### માતાનો વલોપાત, પડધરીનો વિધર્મી શખ્સ ઘરે આવતો જતો ત્યારે પરીચય કેળવી કારસ્તાન કર્યું, સગીર પુત્રીને શોધી આપવા પોલીસને ગુહાર





રાજકોટ. તા.૨૪

રાજકોટમાં લવજેહાદ જેવો બનાવ સામે આવ્યો હોય તેમ રેલનગરમાં ટ્યુશનમાં ગયેલ ૧૫ વર્ષીય સગીરા ભેદી રીતે લાપતા થતાં પ્ર. નગર પોલીસે અજાણ્યાં શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ આદરી હતી. જ્યારે સગીરાની માતા મીડિયા સમક્ષ આવ્યાં હતાં અને જણાવ્યું હતું કે, પડધરીનો વિધર્મી શખ્સ ભગાડી ગયો તેમની સગીર પુત્રીને ભગાડી ગયો છે. તેમને તુરંત શોધી લાવવા પોલીસને અપીલ કરી હતી.

બનાવ અંગે રેલનગર વિસ્તારમાં રહેતાં ૩૪ વર્ષીય મહિલાએ આરોપી તરીકે અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ તેના પિતાને ઘરે રહે છે અને ઘરે બેઠા જ ઈમીટેશનનુ કામ કરે છે. તેણીના લગ્ન ૧૭ વર્ષ પહેલા ગોંડલ રહેતા યુવક સાથે થયા હતા અને સંતાનમા ૧૫ વર્ષીય એક દીકરી અને એક દીકરો છે. બાદમાં તેઓને મનમેળ ન થતાં પતિ સાથે છૂટાછેડા લઈ તેણી બંને બાળકો સાથે રેલનગરમાં રહેતાં તેના પિતાના ઘરે રહેવાં આવતી રહેલ હતી.ગઈ તા.૨૨ ના સવારના આઠ વાગ્યાની આસપાસ તેમનો દીકરો અને દીકરી બંને રેલનગર મેઈન રોડ પર આવેલ ઓમ સ્ટડી પોઈન્ટમા ટ્યુશનમા ગયેલ હતા. તેણી ઘરે હતી.

ત્યારવા સવારના નવ વાગ્યાની આસપાસ ટ્યુશન કલાસીસમાથી શિક્ષકનો ફોન આવેલ કે, તમારી દિકરી કેમ ટ્યુશન આવેલ નથી. ત્યારે તેમને કહેલ કે, મારી દીકરીને સવારમા જ ટ્યુશનમા મોકલેલ હતી. જેથી તેઓ તુરંત જ ત્યા ટ્યુશન કલાસીસ પર ગયેલ અને આસપાસ દીકરીની તપાસ કરેલ તો તેણીની કોઈ જાણ મળેલ નહીં. જેથી કોઈ અજાણ્યો શખ્સ ફરિયાદીની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી અપહરણ કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ ડી.પી.ગોહિલ અને ટીમે શોધખોળ આદરી હતી.જ્યારે ફરિયાદી મીડિયા સમક્ષ પણ આવ્યાં હતાં અને જણાવ્યું હતું કે, તેમની પુત્રી ટ્યુશનમાં ગઈ બાદ લાપતા બની હતી. તેમને શંકા છે કે, તેમની ભાઈની હોટલમાં કામ કરતો પડધરીનો સોહિલ નામનો વિધર્મી જ લલચાવી ફોસલાવી ભગાડી ગયો છે.

તે ઘણી વાર તેમની ઘરે આવતો જેથી પરિચયમાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. તેમજ તેમની પુત્રીએ તેઓને મેસેજ કર્યો હતાં કે, હું સાહિલ સાથે છું અને ખુશ છું. મહિલાએ વલોપાત સાથે પોલીસ પાસે ગુહાર લગાવી હતી કે, તેમની સગીર પુત્રીને તાત્કાલિક શોધી કાઢે. રેલનગરમાં આવેલ ટ્યુશન કલાસીસમાંથી ૧૫ વર્ષીય સગીરાને વિધર્મી શખ્સ ભગાડી ગયાના મામલે માતાએ મીડીયા સમક્ષ વલોપાત વર્ણવ્યો હતો. જ્યારે અન્ય તસ્વીરમાં વિધર્મી શખ્સ નજરે પડે છે.

# પોલીસને ખુલ્લો પડકાર ફેંકતો દારૂડિયો સ્ટંટમેન

## ચાલુ ગાડીએ દારૂની બોટલ બતાવી કારને નચાવતા તોફાની સ્ટંટમેનનો વીડિયો વાયરલ

રાજકોટ, તા.૨૪

દારૂના નશામાં કે, ઝડપના શોખમાં કેટલાંક લોકો બીજાની અને પોતાની જીંદગી જોખમમાં મુકાય તે રીતે વાહન ચલાવતા હોય છે. રાજકોટ પંથકમાં અવાર નવાર સ્ટંટબાજ લોકોના વીડિયો વાઈરલ થતા હોય છે. ત્યારે એવો જ એક વીડિયો હાલ વાઈરલ થયો છે. ચાલુ ગાડીએ દારૂની બોટલ બતાવી કારને નચાવતા તોફાની સ્ટંટમેનનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયો રાજકોટના માધાપર ચોકડીથી મોરબી રોડ તરફ જતા બાયપાસ હાઈવેનો હોવાનું અનુમાન છે. કારમાં મોરબી પાસિંગની નંબર પ્લેટ જોવા મળે છે. જેની પોલીસે તપાસ આદરી છે. એક હાથમાં વિસ્કી, બીજા હાથમાં કારનું સ્ટીયરિંગ અને રોડ પર કાર નચાવતો આ નબીરો કોણ છે? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.





### કુખ્યાત શખ્સોને હવે પોલીસનો નથી રહ્યો ડર!

રાજકોટમાં પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ ગુનેગારો બેખૌફ હથિયારો સાથે ફરી રહ્યાં છે. રાત પડે એટલે કે જાણે શહેરને બાનમાં લઈ લીધું હોય તેમ હિસ્ટ્રીસીટરો રિવોલ્વર, તલવાર, છરી, ધોકા પાઈપ જેવા ઘાતકી હથિયારો સાથે નિકળી પડે છે અને કાયદો ખિસ્સામાં લઈ ફરતાં હોય તેમ ગુનાને અંજામ આપી રહ્યાં છે. પોલીસ પણ હવે ગુનાને અંજામ અપાઈ ગયા બાદ જ આરોપીને શોધવા નીકળે છે. તો શું હવે શહેરીજનોને ઘર બહાર દિવસના જ નીકળવાનું ? તે એક એક રાજકોટવાસી સવાલ કરી રહ્યો છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# માતૃભાષા શિક્ષણ કેન્દ્ર બોટાદ દ્વારા કવિ બોટાદકર કોલેજ ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫ઃ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટાદ દ્વારા માતૃભાષા મહોત્સવ-૨૦૨૫ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કવિ બોટાદકર કોલેજ ખાતે કરવામાં આવી. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહા સાહેબ અને મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ સાહેબના પ્રયત્નોથી સમગ્ર ગુજરાતમાં 'મળી માતૃભાષા મને ગુજરાતી' શિર્ષક હેઠળ માતૃભાષા મહોત્સવ-૨૦૨૫ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો.



વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ ડો.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબ (આચાર્યશ્રી કવિ શ્રી બોટાદકર કોલેજ),

અતિથિવિશેષ પ્રદીપભાઈ રાવલ તંત્રીશ્રી ન્યૂઝ ઓફ ગાંધીનગર અને મનુભાઈ પટેલ કવિ અવધૂત (ન્યૂયોર્ક, ગજ્જ) ખાસ ઉપસ્થિત રહી પ્રેરક વક્તવ્ય આપ્યાં હતાં. માતૃભાષા મહોત્સવના મુખ્ય વક્તા તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વક્તા જય વસાવડા ( લેખક-વક્તા-પ્રવાસી) અને પ્રા. વૈશાલીબહેન દવે (સંચાલક-માતૃભાષા શિક્ષણ કેન્દ્ર, બોટાદ ) દ્વારા માતૃભાષાના મહત્વને ઉજાગર કરતાં મનનીય વક્તવ્યો રજૂ કરાયાં હતા.ડો.જનક રાવલ સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.આભારવિધિ બોટાદનાં જાણિતા લેખક રત્નાકર નાંગર સાહેબ દ્વારા કરવામાં આવી હતી. ડો.આનંદ ગઢવી દ્વારા આગવી શૈલીમાં સંચાલન કરતાં કાર્યક્રમ માણવાં બહોળી સંખ્યામાં પધારેલાં ભાવકો ,સાહિત્યરસિકોને તરબોળ કરી દીધાં હતાં. મેઘાણીજી અને બોટાદકરની કલમથી પાવન થયેલી બોટાદ ધરાની આગવી ઓળખ સમાન સ્વનામધન્ય કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આંગણે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર પ્રેરિત માતૃભાષા મહોત્સવ-૨૦૨૫નો એક જાજરમાન ઉપક્રમ 'માતૃભાષા શિક્ષણ કેન્દ્ર-બોટાદનાં ભાવેશભાઈ પરમારના સંયોજન હેઠળ સંપન્ન થયો.

## હું સોમનાથ મહાદેવનો સેવક છું, ઝેરના ઘુંટડા તો પચાવી જઈશ પણ ઢીલો નહીં પડુ : દિગ્વિજયસિંહ જાડેજા



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૫ઃ પૂર્વ સાંસદ દિનુ સોલંકી અને જીલ્લા કલેકટર વચ્ચે ચાલતા વિવાદ અંગે કોડીનારમાં વહીવટી તંત્રના યોજાયેલા લોકાર્પણના કાર્યક્રમમાં પ્રથમ વખત સોમનાથ કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ સુચક નિવેદન કરતા કહેલ કે, ‘‘હું સોમનાથ મહાદેવનો ગણ (સેવક) છું. મહાદેવના આશીર્વાદથી થોડું ઝેર પી લઈશ પણ ઢીલો નહીં પડુ‘‘ અને ગીર સોમનાથ જિલ્લાના લોકોનો વિશ્વાસ ભંગ નહીં થવા દઉં અને જીલ્લાના લોકોના સુખાકારી માટેના તમામ સારા અને સાચા કામો જિલ્લાના વહીવટી ટીમ કરી રહી છે.

## ગીર સોમનાથના યુટ્યુબર રોયલ રાજા ઉપર હુમલા પ્રકરણમાં વધુ પાંચ આરોપીઓ ઝડપાયા

- **એસઓજીની ટીમે સઘન તપાસ હાથ ધરી સુત્રાપાડા પંથકમાંથી આરોપીઓને ઝડપી લીધા**



વેરાવળ, તા. ૨૫ઃ ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના યુટ્યૂબર ઉપર ૧૦ જેટલા શખ્સોએ હિંચકારો હુમલા કર્યાની ઘટનામાં ફરાર પૈકીના વધુ પાંચ આરોપીઓને એસઓજીની ટીમે સુત્રાપાડા પંથકમાંથી ઝડપી લઈ બાકીના ફરાર આરોપીઓ ઝડપવા વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર બે દિવસ પહેલા મોડીરાત્રીના જીલ્લાના ગુંદાળા ગામના યુટ્યૂબર 'રોયલ રાજા' ઉર્ફે દિનેશ સોલંકીનું ત્રણ કારમાં આવેલા દસથી વધુ લોકોએ અપહરણ કરીને ગોળના રાબડા પર લઈ જઈ ત્યાં તેનાં કપડાં ઉતારી નગ્ન કરી ઉંધો સુવડાવી ઢોરમાર માર મારી નાસી ગયા હતા. આ મામલે પીડીત દિનેશ સોલંકીએ ફરીયાદ નોંધાવતા પોલીસે બારેક લોકો સામે અપહરણ, મારમારવા અને રાયોટિંગનો ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

આ મામલે જીલ્લા પોલીસની તપાસમાં મળેલ માહિતીના આધારે એસઓજી બ્રાન્ચની ટીમે સુત્રાપાડા પંથકના વિરોદર ટોબરા રોડ ઉપરથી હુમલામાં સંડોવાયેલા (૧) અર્જુન પરબત સોલંકી (૨) મેહુલ કાના રામ (૩) પ્રવિણ વિજાણંદ રામ (૪) કાના વિજાણંદ રામ (૫) પાર્થ જેશીંગ રામ તમામ રહે.અમરાપુર વાળાઓને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં હજુ ફરાર અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# કોડીનાર પંથકના પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ખાણ ઉપર તંત્રએ દરોડો પાડી ૫૫.૪૭ કરોડનો દંડ ફટકાર્યો

## ખાણ રાજકીય આગેવાનની ઓથ હેઠળ ચાલતી હોવાની શરૂ થયેલ ચર્ચા





તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

### ■ વર્ષ ૨૦૧૭ થી જંગલના પ્રતિબંધિત વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ખાણ ચાલતી હોવાનો તંત્રની તપાસમાં ઘટસ્ફોટ થયો


વેરાવળ, તા. ૨૫ઃ ગીર સોમનાથમાં ખનીજચોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિ અને કાળો કારોબાર બંધ કરાવી દેવા જીલ્લા વહીવટી તંત્ર સતત અસરકારક કામગીરી કરી રહ્યુ છે. છેલ્લાં અઠવાડિયામાં ગેરકાયદેસર ખનીજ ખનનનો પર્દાફાશ કર્યા બાદ કોડીનાર તાલુકાના અરેઠીયા ગામના પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતી ખાણ ઉપર તંત્રની ટીમે દરોડો પાડી રૂ.૫૫.૪૭ કરોડનો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી છે. આ ગેરકાયદેસર ખાણ જંગલના પ્રતિબંધિત વિસ્તારમાં સને.૨૦૧૭ થી ચાલતી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના સીધી દેખરેખ હેઠળ રેવન્યુ તથા ખાણ ખનીજ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા કોડિનાર તાલુકાના અરિઠિયા ગામના સર્વે નં.૪૪ પૈકી વાળી સરકારી જમીનમાં ૦૦.૯૦.૦૦ હેક્ટર વિસ્તારમાં બ્લેક્ટ્રેપ ખનીજની મારૂતિ સ્ટોન ક્શર c/o રાજુ હમીરભાઈ સોલંકી અને ધનશ્યામ દીપસિંહ સોલંકીના નામની ક્વોરી લીઝની ખાણ ઉપર દરોડો પાડીને તપાસ હાથ ધરી માપણી કરવામાં આવી હતી. જેમાં આ લીઝનો ઈકો સેન્સિટીવ ઝોન f વિસ્તારમાં સમાવેશ થતો હતો અને લીઝનું ઓનલાઈન એકાઉન્ટ વર્ષ ૨૦૧૭થી લોક કરવામાં આવેલ હતુ. તેમ છતાં પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવતી આ ખાણમાં ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ થતી હતી. તંત્રની તપાસમાં લીઝના વિસ્તારમાંથી ૧,૨૨,૩૯૩ મે.ટન જથ્થો વધુ ગેરકાયદેસર રીતે ખનન અને નિકાસ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવેલ હતુ. જેથી આ લીઝમાં થયેલ ગેરકાયદેસર ખનન બાબતે કુલ રૂ.૫૫,૪૭,૯૪,૯૮૪ જેટલો દંડ ફટકારી તેની રકમ વસૂલવા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ખનીજચોરીના કાળો કારોબારની પ્રવૃત્તિ ડામી દેવા સતત થઈ રહેલ કામગીરીથી ખનીજચોરોમાં ફફડાટ સાથે અત્યાર સુધી છાવરનારાઓમાં સોંપો પડી ગયો છે.

# સોળ વર્ષ પૂર્વેના રીવોલ્વરના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો


### ■ રાજશી મેરની આર્મ્સ એકટના ગુનામાં નિર્દોષ છોડી મુકતી અદાલત





રાજકોટ, તા. ૨૫ઃ આ બનાવની વિગત એવી છે કે, આજથી ૧૬ વર્ષ પહેલા ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સપેકટર ડી.એમ.વાઘેલાના સ્ટાફને બાતમી મળેલ કે સોમનાથ સોસાયટી શેરી નં.૩ માં રહેતા રાજશી મેર પાસે આર્મ્સ એકટ હથિયાર રીવોલ્વર હોય આ બાતમી આધારે પી.આઈ. વાઘેલા, પી.એસ.આઈ. એમ.એચ.વાઘેલા, હેડ કોન્સ્ટેબલ જીવણભાઈ, શીવરાજસિંહ, ગોપાલભાઈ વિગેરે ખાનગી વાહનમાં જઈ રેડ કરતા બાથરૂમના ઉપરના ભાગે માળીયામાંથી રીવોલ્વર મળી આવતા ગુનો દાખલ કરી અને ધરપકડ કરેલ હતી. પુરતા પુરાવા મળી આવતા પોલીસે આરોપી સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ હતુ. આરોપીની સામે ચાર્જશીટ બનાવતા પહેલા ઉચ્ચ અધિકારીની મંજુરી લીધેલ ન હોય તેમજ આરોપીના ઘરમાંથી મુદામાલ મુજબનો હથિયાર કબજે થયેલના પંચો રૂબરૂ સાબીત થતુ ન હોય. આરોપીને ખોટી રીતે ધરપકડ કરી ચાર્જશીટ બનાવેલ વિગેરે ધારદાર ઉલટ તપાસ કરેલ હતી. આ કામમાં આરોપી રાજશી મેર સામે ફરીયાદ પક્ષે ગુનો સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેમજ આરોપીના એડવોકેટ દ્વારા રજુ થયેલ ચુકાદાઓ દ્વારા તથા દલીલ ધ્યાને લઈ આરોપી રાજશી મેરને નિર્દોષ ઠરાવી નામદાર શ્રી એ.જે.સંઘવી સાહેબે છોડી મુકવાનો આદેશ કરતા ખળભળાટ મચી ગયેલ હતો.

આ કેસમાં આરોપી રાજશી રામભાઈ મેર તરફે સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયેલ હતા.



# ૐદાદા ફાઉન્ડેશન દ્વારા ૐદાદાના ૩૭માં જન્મોત્સવની ઉજવણી



ૐદાદા ફાઉન્ડેશન દ્વારા ૨૧ના રોજ પરમ પૂજ્ય આત્મયોગી શ્રી ૐદાદાના જન્મોત્સવની વિશિષ્ટ ઉજવણી યોજાઈ. આ પ્રસંગે પૂજ્ય દાદાનું પુજન-અર્ચન કરવામાં આવ્યું, તેમજ દિવ્ય અને અલૌકિક વાતાવરણમાં ૐદાદા દ્વારા ધ્યાન તથા પ્રવચન કરવામાં આવ્યું. તેમજ મહાસંકલ્પો જેવાકે સનાતન નું પુનઃસ્થાપન અર્થે ૧૦૮ એકરમાં ૐકારા ધામનું નિર્માણ જે જગતકલ્યાણ - વિશ્વશાંતિ અને અલૌકિક દિવ્ય ચેતના નું વૈશ્વિક મહાકેન્દ્ર બનશે એમની નીચે ૧૦૮ મહાપીઠોનું નિર્માણ, ઘર-ઘર ‘‘ૐ‘‘ અને હર ઘર ‘‘ૐકારા‘‘ જેવા દિવ્ય મહાસંકલ્પોને ધારણ કર્યા. સમસ્ત ૐભક્તોને સનાતન અને ૐ ની અદભુત ગરિમા સમજાવી, મૂળ સાથે જોડાવાનું માર્ગદર્શન પ્રદાન કર્યું.

પૂજ્ય ૐદાદા દ્વારા સનાતનના પુનઃસ્થાપના સંકલ્પ અંતર્ગત ૩૦કારા આર્મીનું વૈશ્વિક ક્ષેત્રે નિર્માણ થઈ રહ્યું છે. જેમાં જોડાવા હૃદયપૂર્વક આહવાન કરવામાં કર્યું હતું.. આત્મયોગી ૦દાદા સ્વરા એવી ટકોર કરવા માં આવી કે આગળનો સમય ખુબજ કપરો છે. ‘‘હવે જાગવાનો સમય આવ્યો છે - ભેદભાવ છોડીને આપણા મૂળ સાથે જોડાવ, કારણ કે એક થવામાં આપણે અને આપણી પેઢીઓ બચી શકશે‘‘. જેમના શ્વાસોશ્વાસ અને રગેરગ માં જીવદયા, પ્રેમ અને જગત કલ્યાણની ભાવના રહેલી છે એવા આત્મયોગી ૐદાદા દ્વારા જીવદયા, જગતકલ્યાણ ની વાતો અને અર્થે ધ્યાન કરાવવા માં આવ્યું...

વિશેષ ઉપસ્થિત સ્વામિનારાયણ સંત શ્રી ચંદ્રપ્રકાશ સ્વામી દ્વારા પણ શુભેચ્છા સંદેશ સહ લોકોને આહવાન કર્યું કે યુગે-યુગે મહાપુરુષનું અવતરણ હોય એમ આજે આપણા ૐદાદા ધર્મ અર્થે ભગીરથ કાર્ય કરે છે જેમાં સૌ જલ્દીથી જોડાઈને, સનાતનને રંગે રંગાઈ જઈએ.

પાલિતાણા કાલ ભૈરવ મંદિરના પીઠાધીશ્વર શ્રી રમેશભાઈ શુક્લા દ્વારા ૐદાદાને શુભેચ્છા સહ લોકોને જણાવ્યું કેપાઠવતા ‘‘આજ એક દિવ્ય વિભૂતિ આપણને આપણા મૂળ ’ૐ’ સાથે જોડવા આવી છે, તેથી મોડું ન કરતાં, ધર્મ સ્થાપના ના કાર્યમાં સર્વ સહયોગ આપવો આપણી ફરજ અને ભવિષ્ય છે.‘‘ બન્ને પરમ વંદનીય સંતોએ પૂજ્ય ૐદાદાના સંકલ્પોને પૂર્ણ આવકાર આપી, સર્વ પ્રકારના સહયોગની બાંહેધરી પ્રદાન કરી. આ કાર્યક્રમમાં અનેક ક્ષેત્રના અગ્રણી નેતાઓ અને સામાજિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથમાં શિવ આરાધનાના ત્રિદિવસીય મહોત્સવનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો

- મુખ્યમંત્રીએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી પૂજા અર્ચના કરી
- મુખ્યમંત્રીએ ત્રણ નદીઓના સંગમ ત્રિવેણી ઘાટ ઉપર સંગમ આરતી કરી





વેરાવળ, તા. ૨૫: મહાશિવરાત્રી પર્વ નિમીત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રથમવાર ઉજવાનારા સોમનાથ મહોત્સવ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ ઉદઘાટન કરી પ્રારંભ કરાવ્યો હતો. આ તકે મહાદેવને શીશ ઝુકાવી મહોત્સવ માણ્યો હતો.

આજે સાંજે સોમનાથ પહોંચેલ મુખ્યમંત્રીનું હેલીપેડ ખાતે સાંસદ રાજેશ ચુડાસમા,. કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા સહિતના ઓએ આવકાર્યા હતા. બાદમાં સોમનાથ મંદિરે જઈ મુખ્યમંત્રીએ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવીને શ્રદ્ધા પૂર્વક પૂજન અર્ચન કરી ગંગાજળ અભિષેક કર્યો હતા. આ તકે નાગરીકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મંદિરમાં પંડિતોએ શ્લોકોચ્ચાર કરી આવકાર્યા હતા. આ તકે સોમનાથ ટ્રસ્ટએ મોમેન્ટો આપ્યુ હતુ. બાદમાં મુખ્યમંત્રીનો કાફલો ત્રિવેણી સંગમ ઘાટ ઉપર પહોંચ્યો હતો. જ્યાં જે રીતે ગંગા આરતી કરવામાં આવે છે તે જ રીતે મુખ્યમંત્રી પટેલએ હિરણ, કપિલા અને સરસ્વતી નદીનું જ્યાં પવિત્ર મિલન થાય છે તેવા અરબી સમુદ્રના સંગમ સ્થળ પર વેદની ઋચાઓના ગાન સાથે આધ્યાત્મિક અને દિવ્ય માહોલમાં ૧૦૮ દીપની 'સંગમ આરતી' કરી હતી. આ આરતી અડધો કલાક ચાલી હોવાથી ઘાટ ઉપર આધ્યાત્મિક માહોલ છવાઈ ગયો હતો. બાદમાં સોમનાથ મંદિર સમીપે ચોપાટી ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ ત્રિદિવસીય ''સોમનાથ મહોત્સવ'' નું ઉદઘાટન કરાવી પ્રારંભ કરાવ્યો હતો. મહોત્સવમાં પ્રથમ પદ્મવિભૂષણથી સન્માનિત ડો. સોનલ માનસિંહે સોમનાથનો ઈતિહાસ તાદ્રશ્ય કરાવતા 'હર હર મહાદેવ' નાટકની પ્રસ્તુતિ રજૂ કરી હતી. સાંસ્કૃતિક અને આધ્યાત્મિકતાસભર આ પ્રસ્તુતિને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ માણી હતી. ભક્તિ, સંગીત અને વાર્તા કથનના માધ્યમથી 'ગંગા અવતરણ', 'શિવ તાંડવ' સહિતની રચનાઓથી ડો. સોનલ માનસિંહ અને સમગ્ર ટીમે શિવ સ્વરૂપને જીવંત બનાવ્યું હતું. આ કાર્યક્રમમાં આ તકે, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, સોમનાથના ટ્રસ્ટી જે.ડી.પરમાર, પ્રવાસનના સચિવ રાજેન્દ્રકુમાર, યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન રમેશ મેરજા, ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પીઠિયા, રાજશીભાઈ જોટવા, દિલીપસિંહ બારડ, માનસિંહભાઈ પરમાર, જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, ડીડીઓ સ્નેહલ ભાપકર, પોલીસવડા મનોહરસિંહ જાડેજા સહિત અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સુરત ની અગ્રણી વરાછા કો-ઓ. બેંકની રાજકોટ શહેરમાં શાખાનો પ્રારંભ



રાજકોટ, તા. ૨૫: ગુજરાતની અગ્રણી સહકારી બેંક ધી વરાછા કો-ઓ. બેંક લિ., સુરતની ૨૭મી રાજકોટ શાખાનો ૨૩મી ફેબ્રુઆરી, રવિવારનાં રોજ રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયાનાં હસ્તે શાખાનું શુભ ઉદઘાટન અને અતિથિ વિશેષશ્રીઓ બાલાજી ગ્રુપના ચંદુભાઈ વિરાણી તથા વેરાવળ પીપલ્સ બેન્કના ભૂતપૂર્વ ચેરમેન તથા સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓ. બેંક્સ ફેડરેશનના વર્તમાન ચેરમેન વિક્રમભાઈ તન્નાના હસ્તે ડિજિટલ ઈ-લોબીનું ઉદઘાટન કરી શરૂઆત કરવામાં આવી છે. મલ્ટી સ્ટેટ બેંકના દરજ્જા સાથે વરાછા બેંકે ૩૦ વર્ષમાં ૨૮ શાખાઓ અને રૂપિયા ૫૫૦૦ કરોડથી વધુના બિઝનેસ સાથે નક્કર પ્રગતિ કરી છે. જેને ઉદઘાટક જયેશભાઈ રાદડિયાએ બિરદાવી હતી શુભારંભમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, સદભાવના ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ ડોબરીયા, સરદારધામ ટ્રસ્ટી મૌલેશભાઈ ઉકાણી, બાલાજી ગ્રુપનાં ચંદુભાઈ વિરાણી અને ધી વેરાવળ પીપલ્સ બેંકના પૂર્વ ચેરમેન તથા સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓ. બેંક્સ ફેડરેશનના વર્તમાન ચેરમેન વિક્રમભાઈ તન્ના સહિત સમાજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને બેન્કિંગ સેવાનો પ્રારંભ કર્યો હતો.

# રઘુવંશી યુવા શક્તિ સંઘના વોર્ડ નંબર ૧ની સમિતિ દ્વારા ૐ કાલેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીની ઉજવણી

રાજકોટ, તા. ૨૫: આવતીકાલે મહાશિવરાત્રિનો પર્વ છે. આથી હિન્દુ ધર્મ ના લોકો શિવમય બનવા માટે થનગની રહ્યાં છે ત્યારે રાજકોટ શહેર ના ગાંધીગ્રામ વિસ્તાર માં આવેલ ૐ કાલેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રિના પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ થઈ રહી છે. મહાશિવરાત્રિ દરમિયાન શિવ મંદિરોમાં શિવ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે ત્યારે ભક્તોની સુવિધા માટે ખાસ સુવિધાઓ ઉભી કરવામાં આવતી હોય છે. રાજકોટ શહેર ના ગાંધીગ્રામ વિસ્તાર (શીતલ પાર્ક ચોક, પુરુષાર્થ સ્કૂલ ની સામે) આવેલા ૐ કાલેશ્વર મહાદેવ મંદિરમાં છેલ્લા ઘણા વર્ષોથી શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા મહાશિવરાત્રિ નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પણ ખુબ જ મોટી સંખ્યમાં શિવભક્તો શિવજી ની આરાધના કરવા માટે પહોંચશે. આ વર્ષે મહાકુંભ મેળો ચાલી રહ્યો છે તેમાંથી ત્રિવેણી સંગમનું પાણી લાવી આરતીમાં ભેગા થતા ભક્તો પર છંટકાવ કરવામાં આવશે.

શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ ના સંસ્થાપક અને ગુજરાત પ્રમુખ કે.ડી રઘુવંશી (કાછેલા ધવલ) એ વધુ માહિતી જણાવતા કહ્યું કે મહાશિવરાત્રી ઉપરાંત દર વર્ષે સંગઠન દ્વારા દશેરા ના દિવસે રઘુવંશી શસ્ત્રપૂજન, ૨૨ જાન્યુઆરી હિન્દુ હૃદય સમ્રાટ વીર શ્રી રાણા જશરાજજી ના શૌર્ય દિન નિમિતે મહારક્તદાન કેમ્પ. હિન્દુ સંત શિરોમણી શ્રી જલારામ બાપા ની જન્મ જયંતિ નિમિતે સર્વ જ્ઞાતિ મહાપ્રસાદ વગેરે સામાજિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે.

સંગઠન ના વોર્ડ નંબર ૦૧,૦૨,૦૩ ના વોર્ડ સંયોજક શ્રી કિશનભાઈ ઉનડકટ એ જણાવેલ છે કે આ આયોજન માં બપોરે ૧૨ વાગ્યે આરતી તથા ભાંગ ના પ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે તથા સાંજે ૭ વાગ્યે આરતી તથા ફરાર ના પ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે.

# લુવાસરના પંચાયતમાં કામ કરતા બે કર્મવીરોની સેવાને સલામ





જામનગર-જામજોધપુર તાલુકાના લુવાસર ગામે ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર માદન સેવા કરતા અરીફભાઈ તેમજ નવ યુવા તલાટીનું સન્માન કરવામાં આવ્યું હતું.

વિગત સુરત જેવોએ કમે ભુમી બનાવી એવા લુવાસર ગામના વતનની ચિંતા કરનાર અનેક સેવા સંસ્થાઓ માં સેવા બજાવતા. અવાર નવાર વતનના કાયોમા સહ ભાગી થવા અને સ્વ ખચે દોડી જતા એવા વતન પ્રેમી ભરતભાઈ સી સંઘાણી. સૌરાષ્ટ્ર પટેલ સમાજ ટ્રષ્ટી સુરતઃ દ્વારા બન્ને પંચાયત કમે વિરોને કામની કદર કરીને તેનામાં ઉત્સાહ વધે તે માટે સન્માન કરવામાં આવ્યું હતું બન્ને યુવાનોને પ્રોત્સાહિત કરીને બિરદાવ્યા હતા. ત્યારે ગામનાં અગ્રાણી શ્રી નાનજીભાઈ તાળા, હેમરાજ અજુડીયા, માધાભાઈ અજુડીયા, શાળાનાં આચાયે શ્રી જસ્મીનભાઈ અજુડીયા તેમજ ગામનાં અન્ય યુવા ભાઈઓ સાથે તેમજ શાળાના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ નાનકડો સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.

# અંબાજીમાં મહાશિવરાત્રીની આરતીનો સમય રાત્રે ૧૨:૦૦ કલાકે રહેશે

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની એક યાદીમાં જણાવે છે કે, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી મંદિરની ચાલતી પ્રણાલીકા મુજબ તા.૨૬ને (બુધવાર)ના રોજ મહાશિવરાત્રીની આરતી રાત્રે ૧૨:૦૦ કલાકે રહેશે



જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે. આગામી તા.૨૭થી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે તેમ અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી દ્વારા જણાવ્યું છે.

# SIM કાર્ડ સંબંધિત નિયમો બદલાયા, ખોટી રીતે ખરીદી પર ૩ વર્ષની જેલ, ૨ લાખનો દંડ થશે

સ્માર્ટફોન આપણા જીવનનો જરૂરી ભાગ બની ગયો છે, તેના વિના અમુક કલાક પસાર કરવા પણ અશક્ય થઈ ગયા છે. સિમ કાર્ડ વિના ફોન અધૂરો છે, સિમ વિના ફોન ચાલી શકતો નથી. દરમિયાન કાયદેસર સિમ કાર્ડ હોવું ખૂબ જરૂરી છે. તાજેતરમાં જ ટેલીકોમ ઈન્ડસ્ટ્રીએ સિમ કાર્ડ સાથે જોડાયેલા ઘણા ફેરફાર કર્યા છે. જેના વિશે તમારા માટે જાણવું જરૂરી છે. આ નવા પરિવર્તન સાઈબર ફ્રોડ રોકવા માટે લાગુ કરવામાં આવ્યા છે.


૧. હવે સિમ કાર્ડ્સ માટે જરૂરી થયું આધાર વેરિફિકેશન રિપોર્ટ અનુસાર હવે નવા સિમ કાર્ડના એક્ટિવેશન્સ માટે આધાર દ્વારા બાયોમેટ્રિક વેરિફિકેશન કરવું જરૂરી થઈ ગયું છે.

૨. સિમ વેચ્યા પહેલા રિટેલર્સે ફોલો કરવી પડશે આ પ્રોસેસ સિમ કાર્ડ વેચવા માટે પણ સરકારે રિટેલર્સ માટે નવા નિયમ જારી કરી દીધા છે. હવે રિટેલર્સે આ પ્રક્રિયાનું પાલન કરીને જ સિમ કાર્ડ વેચવું પડશે. ગ્રાહકના નામે કેટલા સિમ કાર્ડ કનેક્શન છે, તેની તપાસ કરવી પડશે. સાથે જ જો ગ્રાહકે અલગ-અલગ નામથી કનેક્શન લીધા છે તો તેની પણ તપાસ હવે કરવામાં આવશે. આ સાથે જ ગ્રાહકના ફોટો પણ હવે ૧૦ અલગ-અલગ એન્ગલથી લેવા પડશે.

૩. ૯ થી વધુ સિમ કાર્ડ હોવા પર ૨ લાખનો દંડ નિયમો અનુસાર એક વ્યક્તિ પોતાના આધારથી માત્ર ૯ સિમ ખરીદી શકે છે. ૯થી વધુ સિમ કાર્ડ રાખવા પર પહેલી વખત ઉલ્લંઘન કરનાર પર ૫૦,૦૦૦ રૂપિયા અને વારંવાર ઉલ્લંઘન કરનાર માટે ૨ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવશે.

# PM મોદી બે દિવસ ગુજરાતની મુલાકાતે, ૨ માર્ચે સાસણ અને ૩ માર્ચે સોમનાથ જશે

## સિંહદર્શન બાદ મહાદેવના દર્શન કરશે, સોમનાથમાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરશે



ગીર સોમનાથ, તા. ૨૫ઃ લોકસભા ચૂંટણી અને દિલ્હી વિધાનસભા તેમજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ ૨ માર્ચના રોજ સાસણ અને ૩ માર્ચના રોજ સોમનાથ જશે. સાસણમાં સિંહદર્શન બાદ સોમનાથમાં મહાદેવના દર્શન કરશે. આ ઉપરાંત સોમનાથમાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદી પ્રથમવખત ગીરની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે નિમિત્તે ગીર અને સોમનાથની મુલાકાત કરશે.. તેઓ ૨ માર્ચે સાસણ ગીર પહોંચશે અને ત્યાં રાત્રીરોકાણ પણ કરશે. ૩ માર્ચે વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડેના દિવસે સાસણમાં નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની બેઠક યોજાશે. આ પ્રસંગે વડાપ્રધાન સિંહ સંરક્ષણ માટે નવી યોજનાઓની જાહેરાત કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦માં વડાપ્રધાને લાલ કિલ્લા પરથી 'પ્રોજેક્ટ લાયન'ની જાહેરાત કરી હતી. જોકે, આ પ્રોજેક્ટ હજુ સુધી અમલમાં આવી શક્યો નથી.

વડાપ્રધાનના આગમનને લઈને સાસણમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગના તેમજ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ કાર્યક્રમની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ ઉપરાંત વડાપ્રધાનની આ મુલાકાતને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં પણ મોટી હલચલ જોવા મળી રહી છે.

૩ માર્ચે સવારે સિંહદર્શન બાદ વડાપ્રધાન સોમનાથ જશે, જ્યાં મહાદેવના દર્શન કરશે. આ ઉપરાંત સોમનાથમાં વિકાસ પ્રોજેક્ટ્સ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાશે. સાથે જ વિવિધ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરવામાં આવશે.

આ ઉપરાંત ૭ માર્ચના શુક્રવારે સાંજે વડાપ્રધાન મોદી ફરી ગુજરાત આવશે. જેમાં તેઓ સુરતના લિંબાયત નીલગિરિ ગ્રાઉન્ડ ખાતે એક વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં વૃદ્ધ સહાય, વિધવા સહાય અને દિવ્યાંગ સહાય યોજનાના લાભાર્થીઓનું સન્માન કરાશે. આ સાથે જ એનએફએસએ (National Food Security Act) હેઠળ નવા લાભાર્થીઓને સામેલ કરવાની યોજના ઘડવામાં આવી છે.

શુક્રવારે સાંજે સુરતમાં કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન મોદી સુરતના સર્કિટહાઉસમાં રાત્રિ રોકાણ કરી શકે છે. જો તેઓ અહીં રોકાણ કરે છે, તો વિધાનસભા ચૂંટણી બાદ સુરતમાં તેમની આ બીજી રાત્રિ રોકાણની મુલાકાત થશે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સમયે પણ તેમણે સુરતમાં રોડ શો કર્યા બાદ સર્કિટહાઉસમાં રોકાણ કર્યું હતું. આ વખતે પણ રાત્રિ રોકાણ દરમિયાન સ્થાનિક અગ્રણીઓ અને પાર્ટી નેતાઓ સાથે બેઠક યોજાઈ શકે છે તેવી અટકળો ચાલી રહી છે.

વડાપ્રધાન મોદી ૮ માર્ચ, શનિવારે નવસારીમાં યોજનારા વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમ દ્વારા મહિલાઓને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરશે. નવસારીના આ કાર્યક્રમ માટે પણ તંત્રની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

સુરત અને નવસારીના આ મહત્ત્વના કાર્યક્રમોને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર સક્રિય રીતે તૈયારીઓમાં લાગી ગયું છે. સુરત મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર વડાપ્રધાનની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને વિશેષ આયોજન કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાત ગુજરાત માટે રાજકીય અને સાંસ્કૃતિક રીતે મહત્ત્વપૂર્ણ ગણાય છે.



# શિવરાત્રીનાં મેળા માટે શરૂ કરાયેલી એસ.ટીની એક્સ્ટ્રા બસોમાં રાજકોટથી ઉડે-ઉડેનો માહોલ

## બે દિવસ દરમ્યાન મેળા માટે માત્ર ૨૭ ટ્રીપો જ દોડી!!



રાજકોટ તા.૨૪

ગત શનિવારથી જુનાગઢમાં વિશ્વ પ્રસિધ્ધ મહાશિવરાત્રીનાં મેળાનો પ્રારંભ થયો છે. ત્યારે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રાજકોટ સહીત વિવિધ સ્થળોએથી એસ.ટી.એ ૩૭૦ એક્સ્ટ્રા બસો દોડાવવાનું શરૂ કર્યુ છે.

રાજકોટ વિભાગ દ્વારા ૫૦ એક્સ્ટ્રા બસો શિવરાત્રીના મેળા માટે શરૂ કરાઈ છે. જોકે બે દિવસ દરમ્યાન પણ રાજકોટથી શિવરાત્રીનાં મેળાનો જોઈ એવો ટ્રાફીક હજુ નિકળ્યો નથી. શનિ-રવિ દરમ્યાન માત્ર ૨૭ ટ્રીપો રાજકોટથી દોડી છે.

ઉલ્લેખનીય છે કે, જુનાગઢ ખાતે તા.૨૨-૨ થી ૨૭-૨ સુધી આયોજીત થનાર મહાશિવરાત્રી મેળામાં દર્શનાર્થીઓને જવા આવવા માટે એસટી નિગમ દ્વારા રાજયના વિવિધ શહેરો તરફથી સંચાલીત થતી ૨૫૦ થી વધુ રેગ્યુલર સર્વીસો ઉપરાંત મુસાફરોનાં ઘસારાને ધ્યાને લઈ વધારાની ૩૦૦ મોટી બસોથી ૪૦૦૦ થી વધુ ટ્રીપો અને ૭૦ મીની બસોથી ૧૦૦૦ થી વધુ ટ્રીપો દોડાવાશે.જુનાગઢથી ભવનાથ તળેટી જવા આવવા માટે દૈનિક ૭૦ મીની બસો મારફતે અલગથી બુથો ગોઠવી સંચાલન કરવામાં આવશે.જયારે જુનાગઢ આવવા જવા વિવિધ મુખ્યત્વે સ્થળો જેવા કે રાજકોટથી ૫૦, અમદાવાદથી ૨૦, જામનગર ૩૦, સોમનાથ ૩૫, પોરબંદર ૩૫, દ્વારકા ૩૦, અમરેલી ૩૫, ભાવનગર ૨૫, ઉના ૩૦ અને વડોદરા ૨૦ બસો દોડાવાશે.

આ ઉપરાંત આજુબાજુનાં શહેરો માટે જરૂરીયાત મુજબ વધુ બસો દોડાવાશે. બસોના સમયની જાણકારી માટે ૨૪.૭ કંધટ્રોલ રૂમ તથા તેમજ એનાઉન્સમેન્ટ શરૂ કરવામાં આવેલ છે.ઓનલાઈન એડવાન્સ ટીકીટ માટે ૨૪.૭ ટીકીટ બુથની વ્યવસ્થા છે.

મુસાફરોને બેસવા માટે અલાયદી બેઠક સુવિધા તથા મેળામાં આવતા જતા મુસાફરોને બસમાં મુસાફરી સમયે પ્લેટફોર્મે ઉપર લાઈન કયુ વ્યવસ્થા પીવાના પાણીની વ્યવસ્થા રખાઈ છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વધુ ૩૩ વેપારીઓ દંડાયા

## જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂ.૧૩૩૦૦ ચાર્જ વસુલાયો

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલકિા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા તા.૨૧/૦૨/૨૦૨૫ થી ૨૨/૦૨/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૩૩ આસામીઓ પાસેથી ૧.૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૩૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૬૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત




પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૦ આસામીઓ પાસેથી ૦.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૮ આસામીઓ પાસેથી ૦.૪૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# મેટોડામાં ઈપીપી કંપની સામે પડેલા સામાનમાં આગ ભભુકી ફાયર બ્રિગેડ દોડી ગયુ



રાજકોટ, તા.૨૪

રાજકોટ નજીક આવેલ મેટોડા જીઆઈડીસી ખાતે આજે બપોરે ઈપીપી કંપની સામે ખુલ્લા પ્લોટમાં પડેલા સામાનમાં આગ ભભુકી ઉઠતા મેટોડા તેમજ રાજકોટથી ફાયર બ્રિગેડની ટીમો દોડી ગઈ હતી.

નાના તબકકે લાગેલી આગે મોટુ સ્વરૂપે ધારણ કરી લેતા દુર દુર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. મળતી વિગત મુજબ કંપની દ્વારા ખુલ્લા મેદાનમાં પ્લાસ્ટીક પીવીસી સહિતના મટીરીયલ્સનો સામાન રાખ્યો હોય તેમાં આગ લાગી હતી.કંપની દ્વારા ખુલ્લા મેદાનમાં પ્લાસ્ટીક પીવીસી સહિતના મટીરીયલ્સનો સામાન રાખ્યો હોવાથી તેમાં કોઈ કારણોસર આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# દિવાનપરામાં કારખાનાનું ન્યુસન્સ : લોકો ત્રસ્ત

## વિધર્મીએ ગેરકાયદે કામ શરૂ કર્યાની મેયરને ફરિયાદ કોર્પોરેટર, ભાજપ અગ્રણી દ્વારા પગલા લેવા માંગ



રાજકોટ, તા. ૨૪

જુના રાજકોટના દિવાનપરા વિસ્તારમાં એક વિધર્મી દ્વારા ગેરકારદે કારખાનું શરૂ કરી ન્યુસન્સ ફેલાવાતું હોવાની ફરિયાદ આજે વિસ્તારના રહેવાસીઓએ કોર્પોરેટર અને આગેવાનોની હાજરીમાં મેયરને કરી છે.

આજે વોંડ નં.૭ના કોર્પોરેટર દેવાંગ માંકડ, ભાજપ અગ્રણી મયુર શાહ, આ વિસ્તારના લોકોએ નયનાબેન પેઢડીયાને આવેદનપત્ર આપી રજુઆત કરી છે કે દિવાનપરા-૩ વિધર્મી દ્વારા ગેરકાયદે કારખાનુ શરૂ કરીને આ બાંધકામ રોડથી ૪ ફુટ બહાર કાઢયુ છે અને પ્રદુષણ પણ ફેલાવે છે. આ અંગે અનેક વખત કલેકટર કચેરીમાં અશાંત ધારા તથા મનપામાં ન્યુસન્સ અંગે ફરિયાદ કરવામાં આવી છે. રાજકોટ-૭૦ના ધારાસભ્યને પણ જાણ કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવતો નથી.

દિવાનપરાના રહેવાસીઓને આવું દુષણ ફેલાઇ તો હિજરત કરવી પડે તેવી સ્થિતિ છે. સંપૂર્ણ રહેણાંક વિસ્તારમાં પરપ્રાંતિયો અને વિધર્મીઓ દ્વારા નોનવેજ, ગંદકી, ટ્રાફિકને લગતી સમસ્યા થઇ શકે છે. આજુબાજુમાં મંદિર, હવેલી, દેરાસર આવેલા છે. આ વિસ્તારમાં કેટલાક લોકો મકાન વેચાતા કે ભાડે લેવાની પ્રવૃતિ કરવા માંગે છે. આથી આ અંગે પગલા લેવા રજુઆત કરવામાં આવી છે.

# કોઠારીયાની હરિદ્વાર સોસાયટીમાં રોડનું કામ કોર્પોરેશને જ રોકી દીધુ!

## વરસાદી પાણીનો નિકાલ તમે કરો બાદ મેટલીંગ કરીએઃ પ્રજાને જવાબઃ કોર્પોરેટરો દાદ દેતા નથી : ભાજપ કાર્યાલયમાં આવેદન

રાજકોટ, તા. ૨૪

શહેરના વોંડ નં.૧૮ના કેઠારીયા વિસ્તારની હરિદ્વાર સોસાયટી રોડના મેટલીંગની કામગીરી પૂરી કરવા આજે વિસ્તારના લોકો મહાપાલિકાએ દોડી આવ્યા હતા. અધિકારીઓ કે કોર્પોરેટરો જવાબ આપતા નહીં હોવાની ફરિયાદ સાથે તેઓએ શાસક નેતાને રજુઆત કરી હતી.,

વિસ્તારના લોકો આજે મનપા ભાજપ કાર્યાલયે પહોંચ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, કેઠારીયા સોલવન્ટ વિસ્તારમાં હરિદ્વાર સોસાયટી-૨, શેરી નં.૫માં રહેતા પરિવારો મેટલીંગ કામ ન થતા હેરાન થઇ ગયા છે.

આ શેરીમાં પાણી ભરાવાનો પ્રશ્ન છે. આથી મનપા તંત્ર દ્વારા આ સમસ્યા નિકાલ કરવાનું કહીને બાદમાં જ મેટલીંગ કરવામાં આવશે તેમ કહેવામાં આવે છે. આ પાણી પ્રશ્ન રહેવાસીઓ કઇ રીતે ઉકેલી શકે?



આ અંગે વોંડ નં.૧૮ના કોર્પોરેટર સંજયસિંહ રાણાને અરજી કરી છે. પરંતુ તેઓએ જવાબ આપ્યો નથી. આ રોડનું કામ પુરૂ કરવા અગાઉ પણ ચારેક વખત રજુઆત કર્યાનું વધુમાં લેખિતમાં જણાવ્યું છે.શાસક નેતા લીલુબેન જાદવને રજુઆત કરતા તેમણે ઇસ્ટ ઝોનના સીટી ઇજનેરને જાણ કરી હતી. આ અરજી પત્રમાં લતાવાસીઓએ વધુમાં કહ્યું છે કે મેટલીંગ બાદ પાણી ભરાવાનો પ્રશ્ન યથાવત રહે તેમ હોય, તેમના રોડનું કામ સ્થગિત કરી દેવામાં આવ્યું છે. અન્ય તમામ શેરીઓમાં કામ થઇ ગયું છે. પરંતુ અહીં મકાનના લેવલ ઉંચા આવી જવાથી ખુબ હેરાન ગતિ થઇ રહી છે.

આ સોસાયટીમાં પ્લોટ નં. ૧૨૬ થી ૧૩૭ આવેલ છે. છેલ્લે વોંકળાના કાંઠે બધા પ્લોટમાંથી એક એક વાર જગ્યા કાઢીને મંદિર માટે ફાળવવામાં આવેલ છે. મંદિરની બાજુમાં જઇને આ શેરીનું પાણી વોંકળામાં જતું હતું જે હાલ બંધ થઇ ગયું છે. પાણીનો નિકાલ બંધ થવાથી તે અંગે પણ રજુઆત કરવામાં આવી છે. પાણીનો નિકાલ બંધ થઇ ગયો છે.

જે પણ કોર્પોરેશને ખુલ્લો કરાવવો જોઇએ. તેના બદલે તંત્ર લતાવાસીઓ પર જવાબદારી ઢોળે છે. આ મામલે તાત્કાલીક કાર્યવાહી કરાવવા વિસ્તારના લોકોએ આજે ફરી પદાધિકારીઓ, અધિકારીઓને રજુઆત કરી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

## રાજકોટ શહેરમાં ઉપસ્થિત કેન્દ્રીય રાજયમંત્રી અજયભાઇ ટમટાની ખાસ ઉપસ્થિતીમાં નિહાળાયો




રાજકોટઃ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવતો હોય છે. આ માસનો 'મન કી બાત' નો કાર્યક્રમ રાજકોટ શહેરમાં બજેટની ચર્ચા માટે આવેલ કેન્દ્રના રાજયમંત્રી અજયભાઇ ટમટાની ઉપસ્થિતીમાં માન. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી 'મન કી બાત' ના ૧૧૯માં એપિસોડના પ્રસારણ કાર્યક્રમમાં નિહાળવામાં આવ્યો હતો. આ તકે રાજયસભા સાંસદ રામભાઇ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઇ ધ્રુવ, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી મન કી બાતનો કાર્યક્રમ નિહાળયો હતો.

# આર્ષ વિદ્યા મંદિર, આનંદ નિકેતન ટ્રસ્ટ(મુંજકા) દ્વારા મહાશિવરાત્રી મહોત્સવ

રાજકોટઃ આર્ષ વિદ્યા મંદિર, આનંદ નિકેતન ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી પર્વના પાવન અવસરને અનુલક્ષીને વિશેષ ધર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી, બુધવાર અને ગુરુવારના દિવસે શ્રી સોમેશ્વર મહાદેવ મંદિરમાં આ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવશે, જેમાં અનેક ભક્તજનોના ઉપસ્થિત રહેશે. આ અવસરે વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ શ્રી સોમેશ્વર મહાદેવનું ષોડષોપચાર પૂજન તથા એકાદશદ્રવ્યોથી રુદ્રાભિષેક તથા અર્ચના, ત્રિંશતિ લઘુરુદ્ર હોમાત્મક યજ્ઞ, નૃત્ય-શિવલીલા, શ્રી સોમેશ્વર મહાદેવનું લઘુન્યાસ સહિત મહાપૂજન, એકાદશદ્રવ્ય રુદ્રાભિષેક, અર્ચના તથા આરતી, મહા આરતી, દ્વિતીય પ્રહર પૂજન, તૃતીય પ્રહર પૂજન, ચતુર્થ પ્રહર પૂજન, પ્રસાદ વિતરણ,



ફળાહાર વગેરે નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે એસ.એન.કે સ્કૂલનાં સંગીત શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ ફેબ્રુઆરીએ સાંજે ૭ થી ૮:૩૦ દરમિયાન નૃત્ય સંધ્યા અને ૨૬ મી ફેબ્રુઆરીએ સાંજે સાંજે ૭ થી ૮:૩૦ વાગ્યા સુધી ભજન સંધ્યાનું નું આયોજન પણ કરવામાં આવ્યું છે તેમજ ટી.જી.ઇ.એસ, ગેલેક્સી એજ્યુકેશન સીસ્ટમ દ્વારા ભાવાંજલિ - શિવ મહિમા ગાનનું કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આ તમામ કાર્યક્રમો શિવરાત્રીનાં પાવન પર્વ નિમિત્તે ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી, આખા દિવસ દરમિયાન, સવારે ૬:૩૦ વાગ્યાથી લઇને વ્હેલી સવારે ૫ વાગ્યા સુધી યોજવામાં આવ્યા છે. સમગ્ર મહોત્સવ દરમિયાન પ. પૂ ડૉ. પરમાત્માનંદ સરસ્વતીજીની નિશ્રા પ્રાપ્ત થશે.

અત્રે ઉલેખ્ખનીય છે કે આર્ષ વિદ્યા મંદિરનાં પ. પૂ. સ્વામિની ધન્યાનંદ સરસ્વતીજી દ્વારા દર સોમવારે રુદ્રમ અને દર મંગળવાર અને બુધવારે શ્રીમદ ભગવદ્? ગીતા અધ્યાય - ૫ નાં પાઠ શીખવવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે આર્ષ વિદ્યા મંદિર, આનંદ નિકેતન ટ્રસ્ટ(મુંજકા) નાં જયંતિભાઇ આચાર્ય (મો. ૯૭૩૭૬ ૧૭૭૭૬), હિતેશભાઇ પૂજારી (મો. ૮૩૨૦૮ ૪૫૧૬૩) અને જ્યોતિન્દ્રભાઇ પટેલ (મો. ૯૪૦૮૭ ૦૭૧૧૭) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# TET-TAT પાસ ઉમેદવારોએ સિવિલ બહાર ઉગ્ર આંદોલન કરતાં ઘર્ષણ, ૨૫૦થી વધુને પોલીસ હેડ ક્વાર્ટર્સ લઈ જવાયા





ગાંધીનગરઃ ગુજરાતમાં - પાસ ઉમેદવારોએ શિક્ષક ભરતી પ્રક્રિયાને લઈને આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ ઉગ્ર આંદોલનનું એલાન કર્યું હતું. આજે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર સિવિલની બહાર ભેગા થયા હતા. જે સત્યાગ્રહ છાવણીએ ઉમટે એ પહેલાં પોલીસે અટકાયત કરતાં ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે અઢીસોથી વધુ ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત કરી છે.

ઉમેદવારોની મુખ્ય માંગણીઓમાં શિક્ષણ સહાયક (૯થી૧૨)નું અને શિડ્યૂલ જાહેર કરવાનો સમાવેશ થાય છે. ધોરણ ૧થી૮ વિદ્યા સહાયકમાં કેટેગરી અને વિષય મુજબ જગ્યાઓની યાદી જાહેર કરવાની માંગ છે. આ ઉપરાંત, ૫૭૦૦ જૂના શિક્ષકો અને ૧૨૦૦ આચાર્યની બદલી બાદ ખાલી પડનારી જગ્યાઓ વર્તમાન ભરતીમાં ઉમેરવાની માંગણી છે. ગત વર્ષે મંજૂર થયેલા ૨૭૫૦ વિદ્યા સહાયકની જગ્યાઓ પણ વર્તમાન ભરતીમાં સામેલ કરવા માંગ કરાઈ છે. ઉમેદવારોની પાંચમી મુખ્ય માંગણી ઉનાળુ વેકેશન પહેલાં સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂક પત્રો આપવાની છે.

મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર સિવિલની બહાર ભેગા થયા હતા. જે સત્યાગ્રહ છાવણીએ ઉમટે એ પહેલાં પોલીસે અટકાયત કરતાં ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે અઢીસોથી વધુ ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત પોલીસ હેડ ક્વાર્ટર્સ લઈ જવાયા છે.

### લેબર લોઝ પ્રેકટીશનર્સ એસો.ની સરકારને પડતર પ્રશ્નો અંગે રજૂઆત

# રાજકોટ જિલ્લા માટે મદદનીશ શ્રમ આયુકતની કાયમી ભરતી કરવામાં માંગ

**એસોસીએશનના જુનીયર અને સીનીયર સભ્યોએ હાજર રહી તેમના મંતવ્યો રજુ કર્યા**

રાજકોટ, તા.૨૪

લેબર લોઝ પ્રેકટીશનર્સ એસોસીયેશન, રાજકોટના પ્રમુખ સુનીલભાઈ વાઢેર જણાવે છે કે તાજેતરમાં એસોસીયેશનની પડતર પ્રશ્નોના નિકાલ અંગે અગત્યની મીટીંગ મળેલ હતી.જેમાં એસોસીયેશનના જુનીયર અને સીનીયર સભ્યોએ હાજર રહી તેમના મંતવ્યો રજુ કરેલ હતા અને અંતે એસોસીયેશનના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ લેખિત રજુઆત કરવા નિર્ણય લેવાયો હતો.

રાજ્ય સરકાર ધ્વારા દરેક જિલ્લા લેવલે એક મદદનીશ શ્રમ આયુકત ની




નિમણૂક કરવામાં આવેલ છે પરંતુ રાજકોટ જિલ્લા માટે રાજકોટ ખાતેની મદદનીશ શ્રમ આયુકતની કાયમી જગ્યા છેલ્લા ઘણા સમયથી ખાલી રહેલ છે.આ અંગે રાજ્યના શ્રમમંત્રીને રજુઆત કરી વહેલી તકે રાજકોટની જગ્યા કાયમી ધોરણે ભરી આપવા માંગ કરવામાં આવી છે. ગ્રેચ્યુટી ધારા હેઠળના કેસો હાલમાં મદદનીશ તેમજ નાયબ શ્રમ આયુકત ધ્વારા ચલાવવામાં આવી રહયા છે, પરંતુ આ ન્યાયિક પ્રક્રિયાના કેસો છે અને જેના માટે મજુર કાયદાના તજજ્ઞ ન્યાયાધીશ જ ન્યાય આપી શકે. આ માટે રાજ્યમાં કાર્યરત મજુર અદાલતો અને ઔધોગિક ન્યાયપંચોને આ પાવર્સ આપવા પણ રજૂઆત કરી છે.

કેન્દ્રના શ્રમ મંત્રી મનસુખભાઈ માંડવીયાને લેખિત રજુઆત કરી છે કે હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ એટલે કે રેલ્વે, માઈન્સ, બેન્કસ, આઈ.ઓ.સી., ઓ.એન.જી.સી., વિગેરે સંસ્થાઓના કર્મચારીઓ માટે ગુજરાત રાજ્ય માટે અમદાવાદ ખાતે સી.જી.આઈ.ટી. કાર્યરત છે પરંતુ તેમાં સમગ્ર ગુજરાતના કેસોનો ભરાવો થયેલ છે. તેઓ ગુજરાતી ભાષા જાણતા નથી જેથી ન્યાયના ઝડપી વિતરણમાં ઘણા પ્રશ્નો ઉભા થયેલ છે. રાજ્ય સરકાર હસ્તકની આશરે ૧૫ ટ્રીબ્યુનલો ગુજરાતમાં કાર્યરત છે. જેથી અમદાવાદની એક માત્ર સેન્ટ્રલ ટ્રીબ્યુનલને બદલે ઉપરોકત કેઈસો જિલ્લા મુજબ રાજ્ય સરકારની ટ્રીબ્યુનલોને ટ્રાન્સફર કરી આપવા માંગ કરવામાં આવી છે.

# રાંદરડા તળાવ વિસ્તારમાંથી ૨૪ ટન કચરાનો નિકાલ કરાયો



રાજકોટઃ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા તથા નિરંકારી મિશનના સંયુકત ઉપક્રમે સ્વચ્છ જલ સ્વચ્છ મનના કાર્યક્રમ અંતર્ગત ગઈકાલે સવારે ૭ થી ૧૦ રાંદરડા તળાવની સફાઈ કરાઈ હતી. આ સફાઈ ઝુંબેશમાં મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા,પર્યાવરણ ઈજનેર પી.સી.સોલંકી, ના.ઈજનેર વી.આર.ચાવડા, સેનિટેશ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર, સબ ઈન્સ્પેકટર તેમજ સંત નિરંકારી મિશનના ૧૫૦ લોકો જોડાયા હતા જે સફાઈ ઝુંબેશમાં જે.સી.બી, ડમ્પર, ટ્રેક્ટર તથા મીની ટિપર દ્વારા ૨૪ ટન કચરાનો નિકાલ કરાયો હતો.

### પ્રધાનમંત્રી ''કિસાન સન્માન નિધિ'' યોજનાના ૬ વર્ષ

# સાંસદ રૂપાલાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાકક્ષાનો કિસાન સન્માન સમારોહ યોજાયો

### ૧૦ ખેડૂતોને કુલ રૂ. ૧૪.૫૬ લાખની સહાય અપાઈ : ૦૨ લાખથી વધુ ધરતીપુત્રોને સહાય અર્થે રૂ. ૪૦.૫૯ કરોડ જમા કરાયા





રાજકોટ તા. ૨૪ ફેબ્રુઆરી - ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા ''પ્રધાનમંત્રી કિસાન સન્માન'' યોજનાનો ૧૯મો હપ્તો જમા કરવા માટે કિસાન સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જે અન્વયે રાજકોટ જિલ્લાકક્ષાનો કિસાન સન્માન સમારોહ સાંસદશ્રી પરસોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં તરઘડિયામાં ત્રિમંદિર ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે સાંસદશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી પદનો કાર્યભાર સાંભળ્યા બાદ આપેલા 'દેશના ખેડૂતોની આવક બમણી કરવી છે' વિધાનને સાર્થક કરવા કૃષિના વ્યાપલક્ષી નીતિગત પ્રયાસો હાથ ધરીને ઐતિહાસિક નિર્ણયો લીધા છે. જેના પગલે વર્ષ ૨૦૧૯માં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવી છે. ત્યારે સરકારી તિજોરીમાંથી દર વર્ષે ધરતીપુત્રોના બેંક ખાતામાં વચેટિયા વિના સીધા રૂ. ૬૦૦૦ની સહાય જમા થાય છે, જેનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે.

સાંસદશ્રીએ ઉમેર્યું હતું કે, કૃષિ પાકોમાં છંટકાવ માટે ડ્રોન ટેકનોલોજીનો વપરાશ વધારવા 'ડ્રોન દીદી યોજના' દાખલ કરવામાં આવી છે, જેમાં મહિલા સશક્તિકરણનો મુખ્ય ઉદ્દેશ છે. ગુજરાતના એક ખેડૂતના દીકરાના નેનો ટેકનેલોજીના પ્રયોગને બિરદાવીને વડાપ્રધાનશ્રીના સૂચનથી વિશ્વની સૌથી મોટી ઇફકો કંપની દ્વારા નેનો યુરિયા અને નેનો ડી.એ.પી ખાતરનું સંશોધન કરવામાં આવે છે, જેના સરાહનીય પરિણામો પણ મળ્યા છે. આમ, ખેતીને લાભપ્રદ વ્યવસાય બનાવવાના સઘન પ્રયાસોમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સફળ થયા છે.ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોનો વિકાસ કરવા અને કૃષિ પ્રવૃતિને વેગ આપવા ડિજિટલ મોનિટરીંગ માટે 'કૃષિ પ્રગતિ' વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં 'કૃષિ પ્રગતિ'ની પહેલ ડીજીટલ કૃષિ સિસ્ટમના હૃદય સમાન કામ કરશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા તાલીમ, પ્રવાસ, શિબિર, પરિસંવાદ, પ્રદર્શન-વેચાણનું આયોજન કરવામાં આવે છે.

## કડીયા નવલાઇન, ભીડભંજન, કોઠારીયા સહિતના વિસ્તારોમાં દુકાન, કારખાનુ અને પાન શોપ સીલ

### વેરા વસુલાત ઝુંબેશમાં વધુ ૧૧ પ્રોપર્ટીને તાળા મારી દેવાયા



રાજકોટ, તા. ૨૪

મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે રીકવરી ઝુંબેશમાં વધુ ૧૧ મિલ્કતો સીલ કરવામાં આવી છે. જુના રાજકોટના વોંડ નં.૩માં મોચી બજારની ભીડભંજન શેરી નં.૭માં કસ્તુર કુંજ, બાવાજીરાજ રોડ પર લાલજી પારેખ દુકાન, ખત્રીવાડમાં એક, કડિયા નવલાઇનમાં એક મિલ્કત સીલ કરાઇ હતી.

વોંડ નં.૫ના કુવાડવા રોડ પર મણીનગરમાં મોમાઇ પાન બાકી વેરા બદલ સીલ કરાયું હતું. વોંડ નં.૧૩માં મવડી મેઇન રોડ પર ડીસ્ટ્રીકટ બેંક બાજુમાં આવેલી અભિષેક પ્લાયવુડ બાકી વેરા બદલ સીલ મરાયા હતા.

વોંડ નં.૧૫માં કોઠારીયા રીંગ રોડ, ધારા ઇન્ડ. એરીયામાં સિધ્ધિ વિનાયક એન્જી., રાધામીરા ઇન્ડસ્ટ્રીઝમાં બે દુકાનને સીલ મારવામાં આવ્યા હતા. વોંડ નં.૧૭ના કોઠારીયા મેઇન રોડ, આનંદ નગર કોલોનીના હરિકૃષ્ણ કોમ્પ્લેક્ષમાં બે ઓફિસને સીલ મારવામાં આવ્યા હતા.

આજે ૨૭.૭૨ લાખ સહિત ચાલુ નાણાકીય વર્ષમાં કુલ આવક ૩૬૭.૪૭ કરોડે પહોંચી છે. રજાના દિવસોમાં પણ વેરા વસુલાત ચાલુ રહેશે તેમ ટેકસ વિભાગે જણાવ્યું છે.

## સોનું - ચાંદીના ભાવ કડડભૂસ થવાની અફવાનું બજાર ગરમઃ સાવચેત રહેવામાં ભલાઇ

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી ત્યારબાદ સોનું-ચાંદીના ભાવ સમગ્ર વિશ્વની બજારમાં રોકેટગતિએ વધી રહ્યા છે ત્યારે સોના-ચાંદીમાં વધુ તેજી થવાના તમામ કારણો અડીખમ છે પણ ગત્ત સપ્તાહે બનેલી બે ઘટનાઓની ચર્ચાથી સોના-ચાંદીના ભાવ ગમે ત્યારે કડડભૂસ થશે તેવી ખબરો સમગ્ર વિશ્વમાં લાકડિયા તારથી જેમ ફેલાઇ રહી છે જેને કારણે સોના-ચાંદી જેમણે ખરીદીને રાખ્યા છે અને વાયદામાં તેજીનો જેમણે વેપાર કર્યો છે તેમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કારણ કે સોના-ચાંદીની વાત આવે ત્યારે એનાલીસ્ટો, ઇકોનોમિસ્ટો અને બજારના પંડિતો એક, બે,ત્રણ એમ અનેક તેજીના કારણો ગણાવી રહ્યા છે અને દુર દુર સુધી સોનું-ચાંદી ઘટે તેવા કોઇ ઠોસ કારણો ગોત્યા મળતાં નથી ત્યારે સોનું-ચાંદી કડડભૂસ થવાની બે પ્રકારની ચર્ચાથી હાલ માર્કેટમાં ગભરાટ વ્યાપી ગયો છે. આ બે ઘટનાઓની અસર વિશે ભલભલા એનાલીસ્ટો પણ ગોટે ચડયા છે.

ત્યારે સોના-ચાંદીમાં હવે સાવચેતી રાખીને આગળ વધવાનો સમય આવ્યો છે તેવું કહી શકાય. કમ સે કમ ૫૦ થી ૬૦ ટકા નફો ઘરભેગો કરીને સલામત થવાનો સમય તો આવી જ ચૂક્યો છે કારણ કે ટ્રમ્પ સવારે ઉઠીને શું કરશે ? તે ભગવાન સિવાય કોઇ કહી શકે તેમ નથી આથી ચેતતાં નર હંમેશા સુખી એ કહેવતને અનુસરવામાં હાલ ભલાઇ છે.

અમેરિકા પાસે ૮૧૩૪ ટન સોનાનો ભંડાર પડેલો છે જેમાંથી અડધુ સોનું એટલે કે ૫૦૦૦ ટન સોનું ફોર્ટ નોક્ષ નામના વોલ્ટમાં પડેલું છે. ડોનાલ્ડ ટ્રમ્પના કટ્ટર સમર્થક એવા ટેસ્લાના સર્વેસર્વા અને ટ્રમ્પે ચાલુ કરેલું ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વમેન્ટ એફીસન્સીના વડા એલોન મસ્કે ફોર્ટ નોક્ષમાં પડેલા સોનાની મોજુદગી અને તેની પ્યુરિટી વિશે પ્રશ્ન ઉઠાવી જણાવ્યું હતું કે ફોર્ટ નોક્ષમાં સોનું પડેલુ છે કે નહીં તે જાણવાનો અધિકાર દરેક અમેરિકન નાગરિકને છે.એક રાજકીય મિટિંગમાં એલોન મસ્કે આ પ્રકારનો પ્રશ્ન ઉઠાવતાં આખી ચર્ચા સમગ્ર વિશ્વમાં ફેલાઇ ચૂકી હતી. આ ચર્ચા જેવી ફેલાઇ તેવું તુરંત જ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નિવેદન કર્યુ કે અમેરિકાની ગોલ્ડ રિઝર્વનું દર વર્ષે ઓડિટ થાય છે અને તમામ ગોલ્ડ સ્ટોક સલામત છે પણ સ્કોટ બેસન્ટની ચર્ચાથી કોઇને સંતોષ થયો નહી આથી ડોનાલ્ડ ટ્રમ્પને ખુદને સોનાના સ્ટોકના ચેકીંગ માટે જવું પડયું.

# સરહદેથી બંકરો હટાવો, નહીં તો તોડી પાડીશું: BSFની પાક.ને ચેતવણી

**પાક. રાજસ્થાન સરહદે શૌચાલયની આડમાં બંકર બનાવતું ઝડપાયું: આંતરરાષ્ટ્રીય સરહદે નો મેન્સ લેન્ડ પર નિર્માણ કરીને પાકે. સંધિનો ભંગ કર્યો, કામચલાઉ શૌચાલય હોવાનો લુલો બચાવ**



બાડમેર રાજસ્થાનના બાડમેરમાં પાકિસ્તાન સાથે જોડાયેલી આંતરરાષ્ટ્રીય સરહદે એક દિવાલને લઈને ભારત-પાક. વચ્ચે વિવાદ થયો છે. સરહદેથી ૧૫૦ ગજ અંદર નો મેન્સ ઝોનમાં પાકિસ્તાન દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે જે જોવામાં તો બંકર જેવુ લાગી રહ્યું છે પરંતુ પાકિસ્તાન દાવો કરી રહ્યું છે કે અમે બંકર નહીં પણ કામચલાઉ સૌચાલય બનાવ્યું હતું. બીએસએફની ટીમ જ્યારે પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગદરા ગામમાં પાકિસ્તાન તરફના વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદની અંદર શંકાસ્પદ ઈમારત ઉભી કરાઈ હતી, જોવામાં તો આ ઈમારત બંકર હોય તેવી લાગી રહી છે. જેને પગલે બાદમાં બીએસએફ દ્વારા તાત્કાલીક આ મામલો પાકિસ્તાની સેનાના અધિકારીઓ સાથે ઉઠાવવામાં આવ્યો હતો. જુનિયર અધિકારીઓ વચ્ચે ફ્લેગ મિટિંગ યોજાઈ હતી જેમાં પાકિસ્તાનના અધિકારીઓ હાજર રહ્યા હતા અને વિચિત્ર બચાવ કર્યો હતો.પાકિસ્તાનના અધિકારીઓએ બીએસએફ સમક્ષ દાવો કર્યો હતો કે અમે સરહદની અંદર કોઈ નિર્માણ નથી કર્યું, આ ઈમારત કોઈ બંકર નહીં પણ અમારા જવાનો માટે કામચલાઉ સુવિધા માટે સૌચાલય હતું. અહીંયા અમે કોઈ જ બંકર કે જાસુસી માટેની ચોકી નથી બનાવી. જોકે પાકિસ્તાનનો આ દાવો જુઠો હોવાથી બીએસએફના કમાંડરે એક વિરોધ નોટ જાહેર કરી હતી અને આ ગેરકાયદે નિર્માણ કરવા બદલ પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. આંતરરાષ્ટ્રીય સરહદે ૧૫૦ ગજનો વિસ્તાર નો મેન્સ લેન્ડ જાહેર કરાયો છે જ્યાં ભારત કે પાકિસ્તાન કોઈ જ દેશની સેનાના જવાનો તૈનાત નથી કરાતા. આ વિસ્તારમાં કોઈ જ બંકર, ચોકી કે અન્ય કોઈ પણ પ્રકારનું નિર્માણ કાર્ય નથી કરી શકાતું. પરંતુ પાકિસ્તાને આ વિસ્તારમાં નિર્માણ કાર્ય કરીને બન્ને દેશો વચ્ચે થયેલા કરારોનો ભંગ કર્યો હતો.

# સાવરકુંડલાના કૃણાલભાઈ ચોલેરાએ કરિયાવર આપી અદભુત સેવા કરી



**રાજકોટ સમુહ લગ્નની ચોંકાવનારી ઘટના બાદ સેવાભાવીઓનો માનવતાવાદી અભિગમ: કરિયાવરમાં બાકી રહેતા કપલો ૯૩૨૭૬૭૭૩૭૭ પર સંપર્ક કરે**

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં તા.૨૨ ફેબ્રુઆરીએ ઋષિવંશી સમાજ સેવા સંઘના નેજા હેઠળના સર્વજ્ઞાતિ સમૂહલગ્ન હતાં. ૨૮ વરઘોડિયા સાથેની જાન જ્યારે લગ્ન સ્થળે પહોંચી ત્યારે અહીં કોઈપણ પ્રકારનું આયોજન નહોતું. જાન લઈને આવેલા લોકોએ તપાસ કરતા સમૂહલગ્નના આયોજકો પૈસા લઈને ફરાર થઈ ગયાની જાણ થઈ હતી. ભારે હોબાળો થતા પોલીસ દોડી આવી હતી અને કેટલાંક વર-વધુના લગ્ન કરાવ્યાં હતાં. આ ઘટના બાદ અનેક સેવાભાવી લોકો પણ સામે આવ્યા છે અને પોતાનાથી બનતી મદદ કરી છે. સાવરકુંડલાના કૃણાલભાઈ ચોલેરાએ તમામ ૨૮ દંપતીઓ માટે કરિયાવરની વ્યવસ્થા કરી છે. તેમાં ગેસનો ચૂલો, મિક્ષ્ચર, કુકર અને બ્લેન્ડરની સેવા કરી માનવતાવાદી અભિગમ દાખવ્યો છે. ૨૮માંથી અંદાજે ૧૮ જેટલા દંપતીઓનો સંપર્ક કરીને આ ચાર વસ્તુઓનો સેટ આપી દેવાયો છે. તેમજ બાકી રહેલા ૧૦ જેટલા દંપતીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. કૃણાલભાઈએ સામના મિરર સાથેની વાતચિતમાં જણાવ્યું છે કે, બાકી રહેતા દંપતીઓ ૯૩૨૭૬૭૭૩૭૭ મોબાઈલ નંબર પર સીધો સંપર્ક કરી શકે છે. તેમજ દંપતી પરિવાર જ્યાં હશે ત્યાં કૃણાલભાઈ તેમના સ્વખર્ચે આ ચાર વસ્તુઓનો સેટ પહોંચાડી દેશે. કૃણાલભાઈના આ માનવતાવાદી અભિગમની ઠેર-ઠેર પ્રસંશા થઈ રહી છે.



**દંપતી પરિવાર જ્યાં હશે ત્યાં કૃણાલભાઈ તેમના સ્વખર્ચે આ ચાર વસ્તુઓનો સેટ પહોંચાડી દેશે. કૃણાલભાઈના આ માનવતાવાદી અભિગમની ઠેર-ઠેર પ્રસંશા**






# પરફેક્ટ સૌરાષ્ટ્ર સાંધ્ય દૈનિક, લાયન્સ ક્લબ રાજકોટ ગોલ્ડ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

## આ કેમ્પમાં 300થી વધુ દર્દીઓએ પોતાની તપાસણી કરાવી હતીઃ આ કેમ્પમાં ગિરિરાજ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કનો સહયોગ પ્રાપ્ત થયો હતો

રાજકોટઃ લાયન્સ ક્લબ રાજકોટ ગોલ્ડ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન જ્યુબિલી બાગ ખાતે શનિદેવ મંદીર ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગિરિરાજ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કેમ્પમાં 300થી વધુ દર્દીઓએ પોતાની તપાસણી કરાવી હતી.

આ સર્વરોગ નિદાન કેમ્પ પ્રેસિડેન્ટ લાયન કિશોરભાઈ હાપલીયા, સેક્રેટરી લાયન વિપુલભાઈ રાઠોડ ,ટ્રેઝરર લાયન જયંતીભાઈ થાનકી,વાઈસ પ્રેસિડેન્ટ રેશ્માબેન સોલંકી, શનિદેવ મંદિરના પ્રમુખશ્રી હિરેનભાઈ હાપાલિયા ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ કેમ્પમાં ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી જસવંતસિંહ ભટ્ટી, લાયન્સ ક્લબ ના પ્રમુખશ્રી અને એડવોકેટ સમીરભાઈ ખીરા ખાસ ઉપસ્થિત રહયા હતા.

આ તકે, લાયન્સ ક્લબ ગોલ્ડ રાજકોટના પ્રમુખશ્રી કિશોરભાઈ હાપાલિયા એ અને વાઈસ પ્રેસિડેન્ટ રેશ્માબેન સોલંકી એ કેમ્પ વિશેની માહિતી આપતા જણાવ્યું કે, આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકો માટે આરોગ્ય સેવાઓ સરળ અને સસ્તી પહોંચ બનાવવાનો છે. અહીં અમે વિવિધ રોગોના નિદાન માટે સારવાર અને ચકાસણી પૂરી પાડી છે. અમે આ પ્રયાસ દ્વારા સમાજમાં આરોગ્ય જાગૃતિ લાવવાનું અને લોકોને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રેરણા આપવાનું લક્ષ્ય રાખીએ છીએ. આ કેમ્પમાં વિવિધ તબીબી નિષ્ણાતોએ હાજરી આપી અને 300 દર્દીઓનું નિદાન અને મફત કાઉન્સલિંગ કર્યું હતું.આ સર્વ રોગ નિદાન કેમ્પને સફળ બનાવવા બોર્ડ મેમ્બર લાયન રાજેશભાઈ મહેતા, ક્લબ એડમિનિસ્ટરેટર, લાયન અરત્રણભાઈ નિર્મલ, બોર્ડ મેમ્બર લાયન રાજેશભાઈ દેવળીયા,લાયન દિલીપ ભાઈ વાળા સાથે લાયન્સ ક્લબ ગોલ્ડ ના મેમ્બર્સ એ જહેમત ઉઠાવી,હાજર રહ્યા હતા.

# રશિયા-યુક્રેન મહાયુધ્ધને આજે ૩ વર્ષ પૂર્ણ

રશિયા,તા.૨૪

વિશ્વમાં ત્રીજું વર્લ્ડ વોર ફાટી નીકળે એવા સંજોગો ઉભા કરી દેનાર રશિયા-યુક્રેન યુદ્ધને ત્રણ વર્ષ પુરા થઈ ગયા છે. આ યુદ્ધ હજુ પણ અટકવાનું નામ લેતું નથી અને ગઈકાલે તો મહાયુદ્ધની ત્રીજી વર્ષગાંઠ પૂર્વે રશિયાએ ૨૬૭ ડ્રોન સાથે ભયાનક હુમલો કર્યો હતો. યુક્રેનિયન સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુક્રેનના ઓછામાં ઓછા ૧૩ પ્રદેશોમાં ડ્રોનને અટકાવવામાં આવ્યા હતા, જેમાં ખાર્કિવ, પોલ્ટાવા, સુમી, કિવ, ચેર્નિહિવ, માયકોલાઈવ અને ઓડેસાનો સમાવેશ થાય છે. આ અત્યાર સુધીના સૌથી મોટા હુમલાઓમાંનો એક છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધને શકય તેટલી વહેલી તકે સમાપ્ત કરવા માટે દબાણ કરી રહ્યા છે.

આજે ૨૪ ફેબ્રુઆરીએ આ યુદ્ધના ત્રણ વર્ષ પૂર્ણ થાય છે. ત્રણ વર્ષ પછી પણ આ યુદ્ધ અટકયું નથી. યુદ્ધ રોકવા માટે, અમેરિકાએ સાઉદી અરેબિયામાં રશિયા સાથે એક બેઠક યોજી હતી, પરંતુ સમગ્ર વિશ્વને આશ્ચર્ય થયું કે યુક્રેનને તેમાં સામેલ કરવામાં આવ્યું ન હતું. ત્રણ વર્ષના યુદ્ધ પછી, પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે કે આ યુદ્ધ કયારે સમાપ્ત થશે? ૨૦૨૨ માં રશિયા દ્વારા સંપૂર્ણ પાયે હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના ઘણા વિસ્તારો રશિયા દ્વારા કબજે કરવામાં આવ્યા છે. યુક્રેન પશ્ચિમી સાથીઓના લશ્કરી સમર્થનથી લડી રહ્યું છે.

ॐकारा

કર્મ એજ ધર્મ
સનાતન એજ સત્ય
આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



**પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા**

*હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ*

**: સ્થાપક :**

**(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ**

**જીંદગીનો માત્ર ફર્ક બસ એટલો જ છે કે, પુસ્તક માંથી શીખો
તો ઊંઘ આવે, અને જીંદગીમાંથી શીખો તો ઊંઘ ઉડી જાય..
કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


Since 2003
RAVI ENGLISH INSTITUTE ®
A/C Class
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
SPOKEN ENGLISH
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Learn English Language with MONEY BACK GUARANTEE...
અમારી વિશિષ્ટતાઓ...
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદીત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વકૃતા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..
૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી
ત્રણ દિવસ ફ્રિ સેમિનાર
ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...
: હેડ ઓફીસ : Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.
: બ્રાન્ચ ઓફીસ : Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**



**અને જોડાઇ જાવ અમારી સાથે...**

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્શ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

## તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062